કિંમત ₹ ૫/- સળંગ અંક ૬૮ - ડિસેમ્બર - ૨૦૧૨

# શ્રી સ્વામિનારાયણ

માસિક




## દેશની પ્રથમ તથા અમદાવાદ દેશની ચોથી બાળ સત્સંગ શિબિર

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧



૧. અમદાવાદ મંદિરમાં નૂતનવર્ષના અન્નકૂટની આરતી ઉતારતા શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપો. ૨. દિવાળીના શારદા પૂજન કરતા પ.પૂ. આ
મહારાજશ્રી. ૩.અમદાવાદ મંદિરમાં ઠાકોરજીના અન્નકૂટના યજમાન પરિવાર સાથે મહંત સ્વામી. ૪. કાંકરિયા મંદિરમાં કાળી ચૌદશના આશીર્વ
પાઠવતા પ.પૂ.મોટા મહારાજશ્રી અને લાભ પાંચમે હનુમાનજીનું પૂજન કરતા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૫. મોડાસા મંદિરમાં અન્નકૂટ દ
૬. અમદાવાદ મંદિરમાં પારાયણ પૂર્ણાહુતિની આરતી ઉતારતા પ.પૂ.મહારાજશ્રી તથા આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાન પરિ
૭. કાળીચૌદશના કાલુપુર મંદિરમાં હનુમાનજીની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૮. અમદાવાદમાં 'હેરીટેજ વીક'ની ઉજવણી દર
આપણા મ્યુઝિયમના હેરીટેજનો ખ્યાલ આપતા પ.પૂ.મોટા મહારાજશ્રી. ૯. સોનલબેન પરમાર અને જશુભાઈ પટેલે શ્રી સ્વામિનારા
મ્યુઝિયમમાં સુંદર રંગોળી કરી હતી.




**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ


**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**

**વર્ષ - ૬ અંક : ૬૮ ડિસેમ્બર-૨૦૧૨**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | માઘ સ્નાન | ૦૪ |
| ૦૪. | સર્વોપરિ સ્વામિનારાયણ ભગવાન | ૦૬ |
| ૦૫. | પ.પૂ. મોટા મહારાજશ્રીના મુખેથી અમૃતમય આશીર્વચન (સીડની-ન્યુઝિલેન્ડ) | ૦૮ |
| ૦૬. | ભગવાનના મનુષ્યાવતાર | ૧૦ |
| ૦૭. | સર્વાવતારી શ્રીસહજાનંદ સ્વામીજીનો અતિ મૂલ્યવાન પત્ર | ૧૨ |
| ૦૮. | બાળ સત્સંગ શિબિર | ૧૪ |
| ૦૯. | શ્રવણ ભક્તિ | ૧૬ |
| ૧૦. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૭ |
| ૧૧. | સત્સંગ બાલવાટિકા | ૧૯ |
| ૧૨. | ભક્તિ સુધા | ૨૧ |
| ૧૩. | પ્રશ્ન પેટી | ૨૪ |
| ૧૪. | સત્સંગ સમાચાર | ૨૫ |

# ॥ અસ્મદીયમ્ ॥

સુંદર શિયાળાની ઋતુનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ખેતરોમાં હરિયાળા પાક લહેરાઈ રહ્યાં છે. દિવાળી વેકેશન પણ પુરુ થયું. વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીમાં લાગી જશે. બોર્ડની પરીક્ષાની તૈયારી ખૂબજ કરવી પડશે. જીવનમાં દરેકને પ્રગતિ હાંસલ કરવી હોય તો સારું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવું પડે. સારું ભણશો તો સારી જોબ, પ્રતિષ્ઠા, હોદ્દો અથવા સારો બિજનેશ, ધંધો કરી શકશો. દરેક વિદ્યાર્થીને સૂચન છે કે અભ્યાસમાં ખૂબજ ધ્યાન આપશો. આજના વિકસતા ટેકનિકલ યુગમાં શિક્ષણની ખૂબજ આવશ્યકતા છે. આપણો દેશ ભલે ખેતી પ્રધાન હોય, પરંતુ હવે એ જમાનો નથી કે તમારી પાસે વડીલોપાર્જિત જમીન જાગીર એટલી હોય, હવે તો ભાગમાંથી કેટલાય ભાગ થયા. જમીનના ટુકડા થયા. તમારા ભાગે શું આવે ! જેથી સૌ બાળકો વિદ્યાર્થીઓ અભ્યાસમાં ખૂબજ ધ્યાન દઈ અભ્યાસ કરશો.

ધનુર્માસનો પ્રારંભ ૧૬ ડિસેમ્બરથી થશે. આખો મહિનો ભગવાનનું ભજન સુખપૂર્વક કરવાનો આ માસ છે.

આપણા દરેક નાના મોટા શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં પ્રાતઃ ૫-૦૦ વાગ્યાથી લઈ ધૂન-ભજન કથાવાર્તા થશે. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં અને ધર્મવંશી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં પ્રસાદીના સભા મંડપમાં પૂજનીય સંતો હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન આખો માસ થશે. અમદાવાદ શહેરમાં વસતા તમામ હરિભક્તોએ ધનુર્માસ ધૂનનો લાભ લઈ જીવન કૃતાર્થ કરશો.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(નવેમ્બર-૨૦૧૨)

૯. પ.ભ. ઓધવજીભાઈ પટેલ તરફથી આયોજીત મહામંત્ર ધૂન્ય પ્રસંગે પધરામણી ઉમિયા કેમ્પસ, સોલા.

૧૧. શ્રી સ્વામિનારાયણ મંદિર ઈશ્વરપુરા (બદપુરા) કથા પ્રસંગે પધરામણી.

૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર જીરાગઢ (હાલાર-મૂળી દેશ) શ્રી રોકડીયા દાદાના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ સમૂહ શારદાપૂજન પોતાના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયું.

૧૪. સંવત ૨૦૬૯ નૂતન વર્ષ શ્રી નરનારાયણદેવની મંગળા આરતી શણગાર આરતી અને અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા.



૧૫. પ.ભ. વસંતભાઈ ત્રિભોવનદાસ ટાંકને ત્યાં પધરામણી, પાલડી.
પ.ભ. સંજયભાઈ આર. સોનીને ત્યાં પધરામણી, બોપલ.

૧૬. દેઉસણા ગામે જીવતચર્યા પ્રસંગે આયોજીત કથા પ્રસંગે પધરામણી.

૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડા પધરામણી.

૧૭થી ૧૮ કેરા (કચ્છ) ગામે પધરામણી.

૧૯થી ૨૧ માનકુવા (કચ્છ) ગામે પધરામણી.

૨૩. કિરીટભાઈ (કઠલાલવાળા)ને ત્યાં નવા મકાનમાં મહાપૂજા પ્રસંગે પધરામણી, મણીનગર.
કા. કનુભાઈ શાંતિલાલને ત્યાં પધરામણી, વાસણા. કુંડાળ (કડી) ગામે કથા પ્રસંગે પધરામણી.

૨૪. સંત મહાદીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ.
સાંજે કોડકી (કચ્છ) પધરામણી.

૨૫. કોડકી (કચ્છ) પધરામણી.

૨૮ થી ૧૧ ડિસેમ્બર-૨૦૧૨ અમેરિકામાં સાનહોઝે નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે અને સત્સંગ પ્રચારાર્થે પધરામણી.

## પ.પૂ. ભાવિ આચાર્ય શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(નવેમ્બર-૨૦૧૨)



૧૨. શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ શ્રી હનુમાનજીનું પૂજન-અર્ચન આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૧૪. નૂતન વર્ષ શ્રી નરનારાયણદેવની અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા.
શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ અને નારણપુરા અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા.

૨૦-૨૧. શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી બાળ સત્સંગ શિબિર પોતાના અધ્યક્ષસ્થાને ધામધૂમથી સંપન્ન થઈ.

૨૫. કુંડાળ (કડી) ગામે કથા પ્રસંગે પધરામણી.

# માઘ સ્નાન

સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ
(જેતલપુરધામ)

**શ્રી સ્વામિનારાયણ**

ભગવાન વેદવ્યાસ રચિત પદ્મ પુરાણમાં માઘસ્નાનનો વિધિ અને મહિમા યથાર્થ વર્ણન કર્યો છે. મહાસત્તી પાર્વતીએ ભગવાન શિવજીને સર્વ પાપોનાં પ્રાયશ્ચિત વિષે પૂછતાં મહાદેવજીએ માઘસ્નાન સર્વોત્તમ પ્રાયશ્ચિત વિધિ કહ્યો. ઉત્તરના દેશોમાં પોષસુદી એકાદશીથી મહાસુદી એકાદશી પર્યન્ત અને ગુજરાતમાં સૂર્યદેવ મકર રાશીમાં પરિભ્રમણ કરે તે ઉત્તમ સમય ઉત્તરાયણકાળ પોષ સુદી પૂનમથી મહાસુદી પૂનમ પર્યન્ત એક માસ માઘસ્નાન કરવામાં આવે છે. ગંગા સંગમ આદિ નદીયોમાં કરોડો લોકો માઘસ્નાન કરે છે. પ્રયાગમાં પ્રતિ વર્ષ એક મહિનો માઘ મેળામાં ભક્તો સ્નાન કરવા દેશ વિદેશથીં આવે છે. દાન વિના સર્વ ફળની ઈચ્છા રાખનાર માઘસ્નાન કરે. સર્વ વ્રતના ફળની ઈચ્છા રાખનાર માઘસ્નાન કરે. વૈશાખની પૂજા, કાર્તિકમાં તપ અને હોમ હવન કરનાર કરતાં માઘ સ્નાન શ્રેષ્ઠ છે. તપસ્વીઓને વનમાં અને વિષ્ણુભક્તોને વૈકુંઠમાં જે ફળ મળે તે માઘસ્નાનથી મળે છે. જે વ્યક્તિ માઘસ્નાન કરીને તલ, ગાય કે ભોજનનું દાન કરે તેની સાત પેઢીનાં પૂર્વજો વૈકુંઠમાં જાય છે. તન મનનાં પાપોને બાળનાર અને સર્વ પાપોના પ્રાયશ્ચિત માઘસ્નાન સર્વનો રાજા છે. મકરનાં સૂર્યમાં સ્નાન કરવાથી અમૂલ્ય આરોગ્ય, સમ્પત્તિ રૂપ સૌભાગ્યતાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે. જેમ કામધેનુની કામના, ચિંત્તામણી મન ઈચ્છિત ફળ આપે છે. સર્વ આશ્રમો વાળાને માઘસ્નાન મનોરથની વર્ષા કહે છે. માઘસ્નાનનો સમય આવતાં જ પાપો કંપવા લાગે છે.

સત્સંગિજીવન ૪ થા પ્રકરણ ૧૮ માં અધ્યાયમાં શુકાનંદ સ્વામીએ માઘસ્નાનની વિધિ પૂછ્યો તો શ્રીજી મહારાજ બોલ્યા કે : પદ્મપુરાણ અને નિર્ણય સિન્ધુમાં યથાર્થ વિધિ કહ્યો છે. તે તમને કહું છું. તારા દર્શને સહિત સ્નાન ઉત્તમ. તારા ન દેખાય પછીનું સ્નાન મધ્યમ. સૂર્યોદય પછી કનિષ્ઠ સ્નાન ગણાય છે. ગોવિંદ, માધવ, નારાયણ આદિ સમંત્રક સ્નાન કરવું. સ્નાન કરી ભીના વસ્ત્રે ઘરે આવે તેને ડગલે ડગલે અશ્વમેઘ યજ્ઞનું ફળ મળે છે. જગતમાં જે પાપો કરેલા છે તે માઘ સ્નાનથી નાશ પામે એવું કોઈ પાતક છે જ નહિ. અમારા આશ્રિત જનોએ માઘમાસમાં દરરોજ નદી, તળાવ, કૂવા વાવ અથવા ઘરમાં માટલાના જળથી અવશ્ય સ્નાન કરવું. અને તલના તેલને શરીર પર લગાવવું. તલનો હોમ કરવો. તલથી પિતૃઓનું તર્પણ કરવું. તલનું દાન કરવું. આટલું તો અવશ્ય કરવું.

સ્નાનવિધિ - નદી તળાવનાં અભાવમાં માટીનો નવો ઘડો રાત્રે પાણી ભરીને રાખવો. રાત્રીમાં વાયુનો સ્પર્શ થાય એવી જગ્યાએ મુકી રાખીને સવારમાં બ્રાહ્મમૂહુર્ત સૂર્યોદયનાં પહેલાં ભગવાનનાં નામ મંત્રનો જપ કરતાં કરતાં સ્નાન કરે એવા જળમાં સર્વ તીર્થો આવીને નિવાસ કરે છે. જે માણસ માઘમાસમાં ઘરમાં ઘડાના જળથી સ્નાન કરે છે તેને છ વર્ષ પર્યન્ત થયેલ સ્નાનનું ફળ મળે છે. તથા તળાવમાં સ્નાન કરવાથી બાર વર્ષના સ્નાનનું ફળ મળે. નદીમાં સ્નાન કરવાથી ૨૪ વર્ષનું ફળ મળે. દેવ સ્થાન, તીર્થ ભૂમિની નદીમાં સ્નાન વડે ૧૦૦ વર્ષનું ફળ મળે. જે માણસ માઘમાસમાં ગંગા સ્નાન કરે તેને ચાર હજાર વર્ષનું ફળ મળે, જ્યાં ગંગા-યમુનાનો સંગમ છે તેને પ્રયાગ ક્ષેત્ર કહેવામાં આવે છે. જો માઘ માસમાં ત્રિવેણી સંગમ પ્રયાગમાં એકવાર પણ સ્નાન કરે તો તેને ફરી ગર્ભવાસ



નથી. પંચમહાપાપ કરનારા પ્રયાગમાં માઘસ્નાન વડે પરમપદને પ્રાપ્ત કરે છે. મકરના સૂર્ય યુક્ત માઘસ્નાનનો મહિમા અને પુણ્ય ફળને યથાર્થ કહેવા પિતામહ બ્રહ્મા પણ સમર્થ નથી. એકસો વર્ષ સુધી નિરાહાર ઉપવાસ કરવાથી જે ફળ મળે છે તે પ્રયાગમાં ત્રણ દિવસના માઘસ્નાનથી મળે છે. સૂર્યગ્રહણમાં કુરુક્ષેત્રને વિષે હજારભાર સુવર્ણદાનના ફળ કરતાં પ્રયાગના એક સ્નાનમાં થાય છે. એક હજાર રાજસૂય યજ્ઞના ફળ કરતાં માઘસ્નાનથી (પ્રયાગમાં) વધુ ફળ મળે. જન્મોજન્માંન્તરમાં અનેકવિધ પાપ જીવે કર્યા છે. તે પ્રયાગમાં માઘસ્નાન માત્રથી ભસ્મિભૂત થઈ જાય છે. માઘમાસમાં પ્રયાગક્ષેત્રને વિષે ત્રિવેણી સંગમમાં સ્નાન કરવા માટે બ્રહ્માદિદેવ, રુદ્ર, મારુતગણ, આદિત્યસૂર્યો, ગંધર્વ, લોકપાલ યક્ષ, સિધ્ધો, તપસ્વીઓ, પાર્વતી, લક્ષ્મી, દ્વિતિ, અદ્વિતિ, દેવ-પત્ની અનેકવાર આવે છે. આવા દેવો સ્નાન કરીને પોતાના પદને ચિરકાળ કરે છે. માઘમાસમાં પુણ્ય સ્થાનોમાં સ્નાન કરવાનો યોગ મળવો પૃથ્વી પર પરમ દુર્લભ છે. સ્નાન કર્યા બાદ તલ, વસ્ત્ર, સુવર્ણનું દાન કરનાર દેવલોકને પામે છે. બ્રહ્મચર્ય આદિ વડે તપ કરીને જેવા શુદ્ધ થવાય છે તેથી વિશેષ માઘસ્નાનથી શુદ્ધ થાય છે. માઘસ્નાન કરીને નારાયણ ભગવાનનું પૂજન કરે છે તે દેવલોકમાં રાજા બને છે. જેમ યજ્ઞકુંડમાં હોમ આહુતિ જેમ તત્કાળ ભસ્મ થઈ જાય તેમ માઘસ્નાન વડે પાપ સકલ બળીને ભસ્મ થાય છે. પ્રયાગમાં સ્નાન કરવાથી ફરી જન્મ નહિ અને નરક યાતના નહિ. પૂર્વની સાત પેઢીઓના પિતૃપક્ષ કે માતૃપક્ષ વાળા પૂર્વજો નરકની ગતિ થઈ હોય તો માઘસ્નાન ત્રણવાર કરવાથી તેઓની ઉર્ધ્વગતિ થાય છે. માઘસ્નાન કર્યા બાદ તુરત શરીરને વસ્ત્ર વડે લૂછવું નહી. થોડીક્ષણ બાદ શરીરના પાણીને લૂછવું, કેમ કે સ્નાન કરવાથી શરીરપરનાં જળને કટિથી ઉપરના ભાગે દેવો પિતૃઓ તે જળપાન કરી તૃપ્ત થાય છે અને કટિથી નીચેના ભાગે અસુરો જળપાન કરી તૃપ્ત થાય છે. પ્રયાગક્ષેત્રને બાદ કરતાં અતિ પ્રદૂષણ વાળી નદી કરતાં ઘરે નવા માટીના માટલાના જળથી સ્નાન કરવું વધારે હિતાવહ છે. અને ધ્યાન રહે કે અતિ રોગાતુર અતિ વૃદ્ધ માણસે માઘસ્નાન કરતાં શારીરિક સ્થિતિનો વિચાર કરવો.

આપણા દેશમાં કુંભમેળાના સ્નાન માઘસ્નાન અંતર્ગત કરવામાં આવે છે.

## ઉત્તરાયણ પુણ્ય પર્વ પ્રસંગે દાન પુણ્ય

**ભારત વર્ષના પુણ્ય પર્વોમાં ઉત્તરાયણનો મહિમા અનેરો અને અલૌકિક છે.**

**મકર રાશીમાં સૂર્ય પ્રવેશનો સંક્રાંતિકાળ એ શુભનું મંગળકારી આગમન, સર્વથા દાન પુણ્યમાં અનેક ઘણો ઉમેરો કરતો હોવાથી આ સમયે પુણ્ય સ્થાનકમાં દાન કરવાથી આલોક અને પરલોક સંબંધી સર્વ મનોરથો તત્કાલ ફળે છે.**

**તો આવા સર્વોપરિ શ્રી નરનારાયણદેવના અલૌકિક સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પરમપૂજ્ય મોટા મહારાજશ્રી તથા પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને પૂજ્ય બ્રહ્મનિષ્ઠ સંતોની શુભ ઉપસ્થિતિમાં તા. 14-1-2013ના રોજ પુણ્ય પર્વ હોવાથી દરરોજ પ્રભાતે થતી ધનુર્માસની ધૂન્ય કથાની દિવ્ય સભામાં પધારી ઠાકોરજીની આ સેવાનો અતિ શુભ પ્રસંગે ઉમંગભેર વધાવી સેવામાં સહભાગી થઈ ધન્યભાગી બનીએ. કોઠાર ઓફિસમાં આપનું દાન જમા કરાવી પાકી પહોંચ મેળવી લેશો.**

**હરિભક્તોને ખાસ અતિ મહત્વનું દાન કરવાનું સૌભાગ્ય**

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અમદાવાદ શ્રી નરનારાયણદેવ નિજ મંદિરનું જિર્ણોદ્ધારનું અને સુવર્ણ સિંહાસનનું મહા ભગીરથ કામ હાલ ચાલું છે. આપણા જીવનમાં આવો અવસર ફરી નથી આવવાનો માટે સોનાનું દાન પુણ્ય આ પર્વમાં કરવાનું આપણને અહોભાગ્ય મળ્યું છે તો કાલુપુર મંદિરમાં સુવર્ણનું દાન કરી તેની પાકી પહોંચ મેળવી લેવી.**

**મહંત સ્વામી : શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી**
**ના શ્રીહરિ સ્મૃતિ સહિત જયશ્રી સ્વામિનારાયણ.**

# સર્વોપરિ સ્વામિનારાયણ ભગવાન

- સાધુ દેવસ્વરૂપદાસ (જયપુર)



સ્વામિનારાયણ ભગવાનના ભક્ત કેટલા વર્ષોથી સત્સંગમાં રહી અને ભગવાનની ભક્તિ કરે છે તે મહત્વનું નથી પરંતુ સ્વામિનારાયણ ભગવન સર્વ અવતારના કારણ છે ને સર્વોપરિ ભગવાન છે. તે હૈયામાં દ્રઢતા કેટલી છે એજ મહત્વનું છે. બાકી તો ભક્તોની ભીડ ગણી છે પણ આ વાતને હૃદયસ્થ કરનારા બહુ ઓછા હોય છે. સમજણ સાથે શ્રધ્ધા ભળે ત્યારે ભક્તને આ વાત સમજાય છે. જો શ્રદ્ધા ને સમજણ નો ટેકો નહિ મળે તો ખોટું સમજાતા પણ વાર નહિ લાગે. સમજણ અને શ્રદ્ધાના સમન્વય વગર એક સ્વસ્થ અને પરિશુદ્ધ સર્વોપરિ ઉપાસના પ્રગટવી મુશ્કેલ છે. વચનામૃત શાસ્ત્રમાં પણ સમજણ અને શ્રદ્ધાનો સુમળ થતો જોવા મળે છે, સાચી સમજણ એ સત્સંગનું ભૂષણ છે, અને ખોટી સમજણ એ સત્સંગનું દૂષણ છે. સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરિ સમજવામાં આ પ્રસંગ ચાવીરૂપ સાબિત થશે. અને સદા સત્સંગનું આભૂષણ બની અક્ષરધામના અધિપતિનો રાજીપો પ્રાપ્ત કરવામાં સફળ થઈશું.

શ્રીજી મહારાજ દાદાખાચરના દરબારમાં બિરાજમાન હતા. સાધુ તથા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી ને પ્રાગજી દવે કથા કરતા હતા. તે સમયે ધરમપુરના હરિભક્ત ભાઉરાવજી આવ્યાને દંડવત કરી શ્રીજી મહારાજનાં ચરણારવિન્દમાં મસ્તક મૂકીને પગે લાગ્યા. ભક્તને પરદેશી જાણીને બહુ પ્રેમથી મળ્યા અને મહારાજે કહ્યું જે ‘‘સભામાં બેસો.’’ ત્યારે ભાઉરાવજી સમીપમાં બેઠા, મહારાજ કહે, ‘‘હરે ! કરો કથા’’ પ્રાગજી દવે કથા કરવા માંડ્યા.

તે સમયે વાળંદ હરિભક્તે કહ્યું જે, ‘મહારાજ તમારું મારે વતું કરવું છે, મહારાજ ઢોલિયા ઉપરથી ઊતરીને ઓસરીની કોરે ઉપર મૃગચર્મનો ચાકળો નાંખીને તે ઉપર મહારાજ બિરાજ્યા ત્યારે વાળંદ ઊભો થઈને મહારાજનું વતું કરવા લાગ્યો. મહારાજ વતું કરાવતા જાય અને ‘હરે ! એવા શબ્દનો ઉચ્ચાર કર્યો અને કથા આગળ વંચાવા લાગી, વાળંદે બહુ હેતથી બહુ સારું વતું કર્યું. મહારાજ એમને એમ ઊઠ્યા ને ઢોલિયા ઉપર બિરાજ્યા.

મુળજી બ્રહ્મચારીએ આવીને કહ્યું જે, ‘‘મહારાજ, થાળ તૈયાર છે.’’ મહારાજે કહ્યું જે, ‘‘થાળ આંહી લાવો.’’ બ્રહ્મચારી થાળ લાવ્યા અને મહારાજ નાહ્યા વિના જમવા બેઠા ને થાળ મહારાજ સારી પેઠે જમ્યા. આ દ્રશ્ય જોઈને ભાઉરાવજીને સંશય થયો જે, ‘‘ભગવાન આવા હોય ? જે વતું કરાવી નાયા પણ નહિને મસ્તક પણ ધોયું નહિ ને એમ ને એમ જમવા બેઠા !’’ એવો એમને સંશય થયો. પછી મહારાજે જમી રહ્યા એટલે બ્રહ્મચારીએ ચળુ કરાવ્યું. મહારાજે કોગળા કર્યા વિના જળપાન કર્યું.

મુળજી બ્રહ્મચારીએ મહારાજને મુખવાસ આપ્યો. તે મુખવાસ જમતાં જમતાં મહારાજે કહ્યું જે, ‘‘હરે ! કરો કથા’’ આ બધું જોઈને ભાઉરાવજીને બહુ મુંઝવણ થઈને ગોટો વળી ગયા, ને એવા સંકલ્પ થવા લાગ્યા જે, ‘‘બહુ દાખડો કરી વળી રૂપિયાનો ખર્ચ કરી અહીં આવ્યા, અને બધા મનોરથ ખોટા થઈ ગયા.’’ ત્યારે મહારાજે ઢોલિયા ઉપરથી ભાઉરાવજીના સામું જોયું તો એમનો દેહ ઢળી પડ્યો. અને ભાઉરાવજીને બદ્રિકાશ્રમ દેખાણું ને ત્યાં નરનારાયણને અનંત મુક્ત દેખાણા ને મોટું સિંહાસન દેખાણું ને તે ઉપર જેવા મહારાજ ઢોલિયા ઉપર બિરાજ્યા

હતા તેવા ત્યાં સિંહાસન પર દેખાણા. ને નરનારાયણને બધાય મુક્ત મહારાજની સ્તુતિ કરતા દેખાણા. ને નરનારાયણે કહ્યું જે, ‘‘આ તો ભગવાન સર્વ અવતારના કારણ છે.’’ આવું ભાઉરાવજીને દેખાણું. ને પછી પાછા દેહમાં આવ્યા પણ મુંઝવણ મટી નહિ.

વળી મહારાજે ઢોલિયા ઉપરથી ભાઉરાવજીના સામું જોયુ ત્યારે ભાઉરાવજીને શ્વેતદ્વીપ દેખાણું ને વાસુદેવ ભગવાન દેખાણા ને દિવ્ય સિંહાસન દેખાણું ને તે ઉપર જેવા મહારાજ દરબારમાં ઢોલિયા ઉપર વતું કરાવીને બિરાજ્યા હતા તેવા ત્યાં શ્વેતદ્વીપમાં સિંહાસન પર દેખાણા ને વાસુદેવ ને બીજા મુક્ત મહારાજની સ્તુતિ કરતા દેખાણા. ને વાસુદેવ ભગવાને કહ્યું જે, ‘‘આ તો સર્વ અવતારના કારણ છે ને સર્વોપરિ ભગવાન છે.’’ આવું ભાઉરાવજીને દેખાણું. ફરી પાછા દેહમાં આવ્યા પણ સંશય ટળ્યો નહિ. ફરીથી મહારાજે સામું જોયું ત્યારે ભાઉરાવજીના નાડીપ્રાણ તણાઈ ગયા ને વૈકુંઠ દેખાણું ને વૈકુંઠનાથને વૈકુંઠનાથના મુક્ત મહારાજની સ્તુતિ કરતા દેખાણા. ને કહ્યું જે, ‘‘આ તો સર્વોપરિ ભગવાન છે. ત્યારે દેહમાં આવ્યા ને ભાઉરાવજી ને અરધો નિશ્ચય થયો.

વળી મહારાજે ફેર તેમના સામું જોયું ત્યાં ભાઉરાવજીના નાડી પ્રાણ તણાઈ ગયા ને ગોલોક દેખાણું ને મહા તેજ દેખાણું ને તે તેજમાં મહા મોટું સિંહાસન દેખાણું ને તે ઉપર મહારાજ બિરાજે છે. જેવી રીતે દરબારમાં ઢોલિયા ઉપર બિરાજ્યા છે, શ્રીકૃષ્ણ ભગવાન તેમના પાર્ષદ સહિત મહારાજની સ્તુતિ કરતા દેખાણા ને તેમણે કહ્યું જે, ‘‘આ તો સર્વોપરી ભગવાન છે ને ભગત તમે શું ગોટા વાળો છો ?’’ એમ કહ્યું ત્યારે ભાઉરાવજીનો સંશયમાત્ર ટળી ગયોને સર્વોપરિ મહારાજનો દ્રઢ નિશ્ચય થયો. સમાધિમાંથી પાછા દેહમાં આવ્યા ને સભામાંથી ઉભા થઈ મહારાજના ખોળામાં માથું મૂકીને એમ બોલ્યા જે, ‘‘મહારાજ, તમે મારા ઉપર પૂરણ દયા કરી. જો તમે મારા પર દયા ના કરી હોત તો મારું ઊંધું વળી ગયું હતું. આવી રીતે ભાઉરાવજીને સર્વોપરિ નિશ્ચય થયો.

સર્વોપરિ સ્વામિનારાયણ ભગવાનના સર્વોપરિ નિશ્ચય વગર સત્સંગમાં આપનું કોઈ અસ્તિત્વ નથી. એક નિર્ભય સત્સંગી બનવું હોય તેને આ વાત આજે નહિ તો કાલે સમજવી પડશે, જેની સમજણ ઉંચી તે સત્સંગમાં મોટો. વિશુદ્ધ સર્વોપરિ ઉપાસનાથી ભક્ત સમૃદ્ધ બની પરમાનંદની પ્રાપ્તિ કરી શકે છે.

## શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ, આદિ ત્રણે મંદિરમાં નૂતન સુવર્ણ સિંહાસનમાં સેવા કરવા અંગે હરિભક્તોને નિવેદન

ભરતખંડના રાજાધિરાજ એવા પરમ કૃપાળુ ઈષ્ટદેવ શ્રી નરનારાયણદેવને સ્વયં સર્વોપરિ શ્રીહરિએ બાથમાં લઈ પધરાવ્યા ત્યારથી આ અમદાવાદ શહેરમાં વસતા શ્રીહરિના આશ્રિતો અને સમગ્ર શ્રી નરનારાયણદેવ દેશના દેશ વિદેશમાં વસતા આશ્રિતો સર્વ પ્રકારે સુખી થયા છે. આધ્યાત્મિક અને આર્થિક રીતે સંપત્તિવાન બન્યા છે. શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ આજ્ઞા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદમાં શ્રી નરનારાયણદેવ, શ્રી ધર્મભક્તિ હરિકૃષ્ણ મહારાજ અને રાધાકૃષ્ણદેવનું સુવર્ણ સિંહાસન જેવા દેવ બળીયા છે. તેવું ભવ્યાતિભવ્ય અદ્વિતીય મહા અલૌકિક બનાવવાનું સુંદર આયોજન કર્યુ છે. શાસ્ત્રમાં સુવર્ણદાનને શ્રેષ્ઠ મહાદાન કહ્યું છે. તેમાંય ભગવાનના ઉપયોગમાં આવનાર સુવર્ણદાન તો ખૂબજ શ્રેષ્ઠ ગણાય. માટે શ્રીહરિના તમામ આશ્રિતોએ આવા ભગવાન ભરત ખંડના રાજાધિરાજને બિરાજવાનું સ્થાન જે સિંહાસનમાં ઉપયોગમાં આવતું સોનાનું દાન જીવને મોક્ષ અને કલ્યાણમાં પણ શ્રેયસ્કર અને લાભદાયી છે. ભગવાન જેવા ભગવાનથી શુ વિશેષ હોય. આપણું દ્રવ્ય દેવ અર્થે વપરાય તેજ સંપત્તિ કામ લાગશે. અને તેજ આપણી શોભા છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ. અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની સત્સંગી માત્રને આજ્ઞા છે કે આવા સુંદર અલૌકિક કાર્યમાં આપના દ્રવ્યનો સદ્પયોગ કરીને જીવન સાર્થક અને કૃતાર્થ કરી અક્ષરધામના અધિકારી બનશો.

માટે વ્હાલા ભક્તો આપ સૌ આવા મહાભગીરથ સેવા યજ્ઞમાં સહભાગી બનીને શ્રધ્ધા ભક્તિથી શક્ય તેટલી સેવા કરશો તેવો સૌને ખાસ અનુરોધ છે.

મહંત સ્વામી, સ.ગુ.શા.સ્વામી હરિકૃષ્ણદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ.

# પ.પૂ. મોટા મહારાજશ્રીના મુખેથી અમૃતમય આશીર્વચન (સીડની-ન્યુઝિલેન્ડ)



સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)
સહયોગ : હજુરી પાર્ષદ શ્રી કનુ ભગત ગુરુ હજુરી પાર્ષદ વનરાજ ભગત

શ્રીજી મહારાજે વચનામૃતમાં ઘણાં દ્રષ્ટાંત આપ્યા છે. કારણ કે દ્રષ્ટાંતથી વાતની જલ્દી ઘેડ બેસી જાય છે. આવું જ એક સરસ સિમ્પલ દ્રષ્ટાંત છે. ખાલી એકઝામ્પલ જ છે. એક અવકાશયાન પૃથ્વીથી ચન્દ્ર તરફ જતુ હતું. અંદર બે અવકાશયાત્રી હતા. એકાએક યંત્રો બધા બંધ થઈ ગયા. એટલે એકે બીજાને પૂછ્યું કે આ બધા મીટર બંધ થઈ ગયા છે. તો આપણે પાછા પૃથ્વી તરફ જઈએ છીએ કે ઉપર ચન્દ્ર તરફ, તેની કંઈ ખબર નથી પડતી. બીજો થોડો ડાહ્યો હતો. તે કહે, બહુ સમય બારીમાંથી બહાર જોતા રહો. ચન્દ્ર મોટો થતો દેખાય તો સમજવું કે ચન્દ્ર તરફ અને જો ધીરે ધીરે પૃથ્વી મોટી થતી દેખાય તો માનવું કે આપણે પાછા પૃથ્વી તરફ જઈ રહ્યા છીએ એમ આપણું એટેચમેન્ટ જગત પ્રત્યે ઘટતું જાય અને ભગવાન તરફ વધતું જાય તો માનવું કે ગ્રાફ ઉંચો જાય છે અને તેનાથી વિરૂદ્ધ થાય તો ગ્રાફ નીચો જાય છે. બહુ સિમ્પલ વાત છે.

મહારાજે આ સંપ્રદાયની રચના માટે બહુ પરિશ્રમ કરેલો છે. બહુ દાખડો કરેલો છે. નંદ સંતો લખે છે કે મહારાજ વખતે સંતો એક ગામથી બીજે ગામ વિચરતા ત્યારે એ જમાનામાં ગાડા હતા, અત્યારે તો એસવી. મર્સીડીઝ, લેકસસને એવી બધી ગાડીઓ હોય છે. એ સમયમાં સંતો ગામે ગામ બળદગાડામાં બેસીને ફરતાં અને ગાડા પણ ઓછા હતા. સંતોની સંખ્યા કરતા પણ ગાડા ઘણા ઓછા હતા એટલે મહારાજ આજ્ઞા કરે કે ઘરડા ઘરડા સંતો હોય તેઓ જ ફક્ત ગાડામાં બેસે. બીજા બધા પગપાળા ચાલે અને ઘરડા સંતો પણ વારા ફરતી ગાડામાં બેસે. ગાડા એટલા ઓછા હતા. આવી રીતે મહારાજે આ સંપ્રદાયની રચના કરી છે. એકપણ સત્સંગી ભગવાન સન્મુખ થાય એ માટે મહારાજે ખૂબ પ્રયાસ કરેલો છે.

એક વ્યક્તિને જે સત્સંગી નહોતો. તેને વિચાર આવ્યો કે જો સ્વામિનારાયણ ભગવાન હોય ને તો હું તેમની પાસે જઉં તો તેઓ મને તેમની ડુટી પર રૂપિયો મુકવા દે. કેવો વિયર્ડ વિચાર કહેવાય ! અત્યારે આપણને કોઈ કહે તો આપણે એવું એકસેપ્ટ ન કરીએ. મહારાજ તો અંતર્યામી એટલે તેનો વિચાર જાણી ગયા. એ ભાઈ સાંજના સમયે આવ્યા. મહારાજ સંતો સાથે બેઠા હતા. ઓચિંતાના મહારાજ આડા પડ્યા. સંતોએ પૂછ્યું, ‘‘મહારાજ ! અત્યારે સંધ્યા કાળે કેમ આડા પડ્યા ?’’ મહારાજ કહે, ‘‘હમણાં જુઓ શાંતિથી !’’ મહારાજે પોતાનો ખેસ ઉદર ઉપરથી ખસેડ્યો. પેલા ભાઈ આવ્યા, એને કહે, ‘મૂકો તમારો રૂપિયો અહી.’’ પેલાનો નિશ્ચય પાકો થઈ ગયો અને પોતે સત્સંગી થયો. એમ મહારાજે એક પણ જીવ ભગવાન સન્મુખ થાય એને માટે બહુ દાખડો કર્યો છે. અને સત્સંગ કરવામાં, વધારવામાં હંમેશ સંઘર્ષ કરવો પડે છે. ધર્મ માટે ફેનેટીક થવું પડે થોડું.

ભુજના લાધીબાઈને મહારાજે કહ્યું પોતે વિધવા હતા. અને એ જમાનામાં વિધવા હોય અને સધવાનો વેષ પહેરે તો સમાજ તેને કેટલો તિરસ્કૃત કરી નાખે, એવા સમયે મહારાજે કહ્યું કે, તમે સધવાનો વેષ પહેરીને ભૂજની બજારમાંથી નીકળો. લાધીબાઈ સધવાનો વેષ પહેરીને નીકળ્યા. મહારાજની આજ્ઞા હતી એટલા માટે. એમ મહારાજનો મહિમા સમજાયો હોય તો બધું જ થાય.

એકવાર મહારાજ સુંદરજી સુથારને ત્યાં આવ્યા અને સુંદરજી સુથાર મહારાજના અનન્ય ભક્ત, ભુજની વાત છે. મહારાજ બહુ મુડમાં હતા. સુંદરજી કહે, મહારાજ !

એક વસ્તુ માગું છું. તમારી પાસે કે, તમારે મારે ત્યાં આ ઘરમાં કાયમ માટે રહેવાનું. હું કહું નહીં ત્યાં સુધી બહાર નહી જવાનું ક્યાંય. મહારાજે ઓકે કરી દીધું. હવે અનંત કોટી બ્રહ્માંડનો અધિપતિ, વનવિચરણ દરમિયાન કેટલા કેટલા રાજા મહારાજાઓ મળ્યા. કોઈકે મહારાજને એવી ઓફર કરી કે અમારી કન્યા પરણાવી દઈએ તમારી સાથે રાજ આપી દઈએ પરંતુ તમે રહો અહીંયા પણ મહારાજ રહ્યા નથી કોઈ જગ્યાએ. પણ અહીં પોતાના ભક્તને આધીન થઈ ગયા. મહારાજે, પ્રોમીસ આપી દીધું, હું રહીશ. હવે બન્યુ એવું કે જગજીવન કે જે ભુજના રાજાનો દિવાન હતો. તે મહારાજનો દ્વેષી હતો. એને ખબર પડી કે સ્વામિનારાયણ સુંદરજીને ત્યાં આવ્યા છે. એટલે એકદમ ધુંવાપુંવા થઈને સુંદરજીને ઘેર આવવા નીકળ્યો. સુંદરજીએ તેના આવવાની વાત સાંભળી એટલે સુંદરજીએ મહારાજને વિનંતી કરી કે મહારાજ પેલો આવે છે ને તે આપણને બધાયને હેરાન કરશે એટલે તમે ઉપર એટીકમાં જતા રહો. બોલતા નહી કંઈ અને હું કહીશ કે સ્વામિનારાયણ આવ્યા નથી અહીં. તે જતો રહેશે એટલે આપણો પ્રોબ્લેમ સોલ્વ થઈ જશે. મહારાજ કહે, ''બહુ સારું''. ઉપર ગયા મહારાજ, ત્યાં પેલો ગરમ થઈને આવ્યો. ''શું સ્વામિનારાયણ તમારે ત્યાં આવ્યા છે ?'' એટલે સુંદરજી કહે, ''હા, આવ્યા હતા પરંતુ બીજે ગામ જતા રહ્યા છે.'' મહારાજ ઉપરથી બોલ્યા, ''કોઈ ગામ નથી ગયા. અહીંજ બેઠા છીએ'' અને સુંદરજીને થયું, મહારાજે આ શું કર્યું ? પેલો તો મહારાજનો અવાજ સાંભળીને બહુ ગરમ થઈ ગયો. હમણા જ લશ્કર-સિપાઈઓ લઈને આવું છું. સ્વામિનારાયણને કેદ કરી દઉં છું. એમ કહી એ તો જતો રહ્યો. પછી સુંદરજી ગભરાયા. ''મહારાજ આપણે નક્કી થયુ હતું ને કે તમારે બોલવાનું નહી અને આ બધું શું કર્યું તમે ?'' મહારાજ કહે, ''જે થયું તે થયું. હવે શું કરશો ? પેલો આવશે એટલે હેરાન કરશે આપને બધાને !'' ''તો મહારાજ એમ કરોને, થોડા સમય માટે તમે ગંગારામ મલ્લને ત્યાં જતા રહો બીજા ઘેર''. એજ જોતું હતું મહારાજને ! સુંદરજી જ્યાં સુધી કહે નહી ત્યાં સુધી મહારાજથી બહાર જવાય નહી. એ વચન રાખીને મહારાજ ત્યાંથી નીકળી ગયા. આ સ્ટોરી આપણને એ શીખવાડે છે કે સુંદરજીએ મહારાજને અન્ડર એસ્ટીમેટ કર્યા એટલે હાથમાં આવેલી મૂર્તિ જતી રહી ઘરમાંથી. જો અન્ડર એસ્ટીમેટ ન કર્યા હોત અને એમ માન્યું હોત કે આ અનંત કોટિ બ્રહ્માંડનો અધિપતિ છે. જગતનું કોઈ લશ્કર એને કંઈ કરી શકવાનું નથી. એમ જે મહારાજનો યથાર્થ મહિમા સમજાયો હોત તો હાથમાં આવેલી ઘરમાંથી મૂર્તિ જાત નહી માટે હંમેશા મહારાજનો મહિમા સમજવો.

એક ગામમાં એક બાવો હતો. એ બાવાને કોઈ 'રામ રામ' કહે તો બહુ ગાળો દે. બધાને મજા આવે. ગામડામાં રસ્તામાં બાવાને બધા ખીજાવે. કોઈકે બાવાને પૂછ્યું કે આવું તું શું કામ કરે છે. બધા તને 'રામ રામ' કરે, તો તું ગાળો શું કામ બોલે છે ?'' બાવો કહે, ''મારે ભલે ગાળો બોલવી પડે. પણ મેં આખા ગામને 'રામ રામ' તો બોલતા બધાને કરી દીધાને !'' એમ સત્સંગને અર્થે સહન કરવું પડે. મહારાજનો મહિમા સમજવો પડે. જગતનો મહિમા જેમ ઓછો સમજાય તેમ મહારાજનો મહિમા, સત્સંગમાં રુચિ વિશેષ થાય.

એક સોની હતા. એમનો ધંધો ઝવેરીનો હતો. એમને એક દીકરો હતો. બહુ યંગ એઈજ (યુવાનીમાં) એ ધામમાં ગયા. બહુ દેવું હતું એમના ઉપર, દીકરો નાની ઉંમરનો, બાપા દેવું મુકીને ધામમાં ગયા. તેમની પાસે બે હીરા હતા. દીકરાને થયું કે આ હીરા વેચીને હું મારા બાપાનું દેવું પુરુ કરી દઉં. તેથી તે તેના મામાને આવો જ બિઝનેશ (સરખો ધંધો-ઝવેરી) હતો. મામાએ હીરા જોયા પછી કહે, એમ કર તું થોડા દિવસ જોબ (નોકરી) કર મારે ત્યાં. પછી આપણે કોઈ સારો ગ્રાહક આવશે એટલે હીરા આપી દઈશું. પેલાએ ત્યાં જોબ કરી, કામ કર્યું. ૨-૪ મહિના પછી મામાએ કહ્યું, હવે તું એમ કર, ગ્રાહક આવ્યા છે એટલે તું પેલા હીરા ઘેરથી લઈ આવ. પેલો હીરા લેવા ગયો. પાછા ફરતી વખતે રસ્તામાં હીરા બરોબર જોયા. ચાર-પાંચ મહિના કામ કર્યું હતું. એટલે તેને હીરાની પરીક્ષા થઈ ગઈ. તેણે જોયું કે આ તો ખોટા હીરા છે ! એટલે રસ્તામાં નાંખી દીધા. પછી મામા પાસે આવ્યો. ''તમે મને કહ્યું નહી કે આ તો ખોટા હીરા છે. મામા કહે, તને કહ્યું હોત તો એ સમયે તારાથી સાચું મનાત નહી. તને એમ થાત કે મામાને હીરા પડાવી લેવા છે. હવે તને જાતે હીરાની પરીક્ષા આવડી ગઈ એટલે તેં એ હીરા જાતે ફેંકી દીધા. એમ જાતે આપણા મનમાં જ્યારે ભાવના થાય કે આ જગતમાં કંઈ છે નહી, સાચું સુખ તો શ્રીજી મહારાજના ચરણોમાં જ છે. એવું દ્રઢપણે સમજાય જાય પછી ધીરે ધીરે જગતની એટેચમેન્ટ ઓછી થાય છે અને ભગવાન સાથેનું જોડાણ. ભગવાન પ્રત્યે પ્રેમ-ભક્તિ વધતી જાય છે.



# ભગવાનના મનુષ્યાવતાર

- ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

ભક્તોની ભાવના સાકાર કરવા ભગવાન શ્રીહરિ કરમડ પધાર્યા છે. એક દિવસ પોતે પલંગ ઉપર આડે પડખે થયા છે. આરામ કરે છે. બ્રહ્મચારી સેવામાં છે તે સમયે ગામ ચાસકાના દરબારશ્રી નારસિંહજી દર્શન કરવા આવ્યા. સૂતાં સૂતાં જ મીઠો આવકાર આપી મહારાજે કહ્યું, આવો, દરબાર આવો.

દરબારશ્રી મહારાજને પગે લાગી બેઠા. દરબાર માટે પાણી મંગાવ્યું. પછી બ્રહ્મચારીને પૂછ્યું, રસોઈને કેટલી વાર હશે ?

હે મહારાજ ! એકાદ કલાક લાગશે. બ્રહ્મચારીએ કહ્યું શ્રીહરિના પલંગ પાસે મૂળજી શેઠ બેઠા હતા. તેમની સામે જોઈ શ્રીહરિ બોલ્યા, શેઠ ! તમે આ દરબારને વાતો કરો. અને દરબાર ! તમારે કંઈ આશંકા હોય તો શેઠને પૂછજો.

મૂળજી શેઠ વાતો કરવા લાગ્યા ત્યારે દરબારે શેઠને કહ્યું, મારો એક પ્રશ્ન છે તેનું સમાધાન કરશો ?

શેઠે કહ્યું, હા, કહો. તમારો શો પ્રશ્ન છે ?

દરબાર બોલ્યા, સ્વામિનારાયણને તમે ભગવાન કહો છો ને ?

હા, હા, સ્વામિનારાયણ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે. એમાં કોઈ શંકા નથી.

નારસિંહજીએ કહ્યું, હમણાં તેમણે જેતલપુરમાં યજ્ઞ કરવાનું આયોજન કર્યું હતું. સંતો હરિભક્તોને તેડાવ્યા. માલ સામાન ભેગો કર્યો. ઉતારાની વ્યવસ્થા કરી. બીજી પણ ઘણી તૈયારીઓ કરી હતી. પરંતુ સરકારે યજ્ઞ થવા દીધો નહિ. તો શું ભગવાન હોય તો એટલું જાણતા ન હોય કે સરકાર યજ્ઞ થવા નહિ દે તો આટલી બધી મહેનત શા માટે કરવી ?

દરબારની વાત સાંભળીને શ્રીજી મહારાજ સૂતા હતા તે બેઠા થઈ ગયા. મૂળજી શેઠને કહ્યું, હવે તમે રહેવા દો, અમે વાત કરીએ છીએ.

દરબાર ! તમે રામચંદ્રજીને શું કહો છો ? શ્રીહરિએ પૂછ્યું.

એ તો ભગવાન હતા.

ભગવાન હતા કે નહિ ?

હા મહારાજ, રામચંદ્રજી તો ખરેખર ભગવાન હતા આખું જગત જાણે છે.

મહારાજે કહ્યું, એ રામચંદ્રજીનો રાજ્યાભિષેક થવાનો હતો. વસિષ્ઠ જેવા મહામુનિએ શુભ મુહૂર્ત જોઈ દીધું હતું. રામ અયોધ્યાના રાજા બનવાના હતા. આખી અયોધ્યાનગરીને શણગારી હતી. સમગ્ર શેહરમાં આનંદ મંગળ અને ઉત્સાહનું વાતાવરણ હતું. પરંતુ જે દિવસે રામ રાજસિંહાસન પર વિરાજમાન થવાના હતા તે જ દિવસે તેમને વનવાસ થયો. શરણાઈઓ વાગતી બંધ થઈ ગઈ. યજ્ઞકુંડમાં અગ્નિ પ્રગટ્યા નહિ. એકઠા કરેલા હુત દ્રવ્યોનો ઉપયોગ થયો નહિ. પરનાળે ઘીની આહુતિઓ અપાઈ નહિ. અડસઠ તીર્થોના ભેગા કરેલા જળકુંભો વપરાયા નહિ. બ્રહ્મભોજન માટે કરેલાં મિષ્ટાન્ન બ્રાહ્મણોએ લીધાં નહિ. નગરની પ્રજાને વહેંચવા માટે કરેલી વિવિધ મિઠાઈઓ વપરાયા વિના પડી રહી. મહારાજા દશરથ મૃત્યુના બિછાનો પડ્યા. અયોધ્યાનગરીની પ્રજા શોક સાગરમાં ડૂબી ગઈ. જ્યાં

આનંદ ઉત્સવનું વાતાવરણ હતું ત્યાં શોકનું માતમ છવાઈ ગયું. એમ કેમ થયું ? રામચંદ્રજી ભગવાન હતા તો ખબર ન પડે કે મારે ગાદીએ બેસવાનું નથી ! આવી બધી તૈયારીઓ શા માટે થવા દીધી ?

નારસિંહજી બોલ્યા, હા મહારાજ તમે સાચું કહો છો. ભગવાનની રીત તો અજબ છે. અનોખી છે. ન્યારી છે, કોઈ કળી શકે નહિ.

ફરી મહારાજે દરબારને કહ્યું, રામાવતાર પછી કૃષ્ણાવતાર થયો. શ્રીકૃષ્ણને તમે ભગવાન કહો છો કે નહિ ?

નારસિંહજી મહારાજના પલંગની નજીક ખસ્યા અને કહ્યું, શ્રીકૃષ્ણ તો મહાસમર્થ ભગવાન હતા. દ્વારિકાના રાજાધિરાજ હતા. એમણે અદ્‌ભુત ઐશ્વર્યો અને ચમત્કારો બતાવ્યા છે. પાંડવોની ક્ષણે ક્ષણે રક્ષા કરી છે. જન્માષ્ટમી - એમનો જન્મોત્સવ દેશભરમાં પ્રજા ધામધૂમથી ઉજવે છે.

શ્રીહરિએ કહ્યું, તમે ખરું કહો છો. શ્રીકૃષ્ણે ઘણો પ્રતાપ દર્શાવ્યો છે. પરંતુ એવા મહાસમર્થ ભગવાન પણ જરાસંઘથી બીતા હતા. જરાસંઘ અવાર-નવાર મથુરા પર ચડાઈ કરતો. તેના ડરથી ત્રાસીને ભગવાને મથૂરા છોડી દીધું. અને ગુજરાતમાં આવી દ્વારકા ખાતે પોતાની રાજધાની સ્થાપી. ભગવાન હોય તો એમને વળી ડર કોનો હોય ? કહો.

પાંડવો સમર્થ હતા. શક્તિશાળી હતા. પરદુઃખ ભંજક હતા. શ્રીકૃષ્ણના અનન્ય સેવક અને મિત્ર પણ હતા. તેમને માથે અનેક સંકટો આવ્યા. તેમના અપમાન થયા. જુગટું રમતા હારી ગયા. હસ્તિનાપુરની ભર સભામાં પોતાના દેખતાં પત્નિનું વસ્ત્રાહરણ થયું. દુર્યોધન-શકુનિ જેવા સગા-શત્રુઓએ ધૂતની રમતમાં કપટ કરી વનવાસ આપ્યો. તેમને જીવતા સળગાવી મુકવાના ષડયંત્રો રચાયાં. વનમાં ખાવાના પણ ફાંફાં પડ્યા. દુશ્મનો જાણી જોઈને હેરાન કરવા આવતા. અપાર દુઃખ ભોગવ્યા. કષ્ટ વેઠ્યા. યાતનાઓ સહન કરી, અન્યાયનો ભોગ બન્યા. પણ સર્વશક્તિમાન સર્વજ્ઞ એવા શ્રીકૃષ્ણ પૃથ્વી ઉપર પ્રગટ હોવા છતાં પણ પ્રત્યક્ષ રીતે પાંડવોને કોઈ સહાય ન કરી. ભગવાને આવો પક્ષપાત કેમ કર્યો ? વળી મોટાભાઈ બલરામને અંધારામાં રાખી સગી બહેન સુભદ્રાનું હરણ કરાવ્યું. આમાં મોટાભાઈના માનપાન મર્યાદા ક્યાં રહ્યાં ? આપણા તર્કમાં ન આવે, આપણી બુદ્ધિમાં ન આવે એવી ઘણી ક્રિયાઓ શ્રીકૃષ્ણે કરી છે. શ્રીકૃષ્ણ સર્વકળાના ખેલનારા છે. રસિક છે. રાજાધિરાજ છે. ત્યાગી છે. ભોગી છે. કાયર છે. શુરવીર છે. દયાળુ છે. યોગી છે. બળિયા છે. છળિયા છે અને કપટી પણ છે. તથા લીલા પુરુષોત્તમ છે. પ્રસંગને અનુરૂપ બધા ચરિત્રો તેમણે કર્યા છે. સંસારના બધા દૈવીજનો તેમને ભગવાન તરીકે સ્વીકારે છે માને છે. પૂજે છે. ભજન ભક્તિ કરે છે અને પોતાના આરાધ્ય ઈષ્ટદેવ ગણે છે. બોલો દરબાર અમારી વાત ખરી છે કે નહિ ?

નારસિંહજી શ્રીહરિને પગે લાગ્યા. અને બોલ્યા હે મહારાજ ! તમે સાચું કહો છો. ભગવાનની અનાદિ આવી રીત જ લાગે છે. તેમની ક્રિયા અકળ છે. અકલ્પ્ય છે. આપણા અનુમાનમાં આવે નહિ.

શ્રીહરિએ આગળ કહ્યું, ભગવાન જ્યારે મનુષ્ય અવતાર ધરે છે ત્યારે પોતાનું ઐશ્વર્ય, દેવત્વ અને સામર્થી છૂપાવી રાખે છે. સામાન્ય માણસની જેમ પોતે પણ વર્તે છે. હર્ષ, શોક, સુખ, દુઃખ, માન, અપમાન, ભય, ડર, સ્વાર્થીપણુ, ભૂખ, તરસ, મિત્રપણું, શત્રુપણું, ગમો, અણગમો, થાક, બેચેની, બિમારી, છળ કપટ, પક્ષપાત, આ બધી માનવ સ્વભાવની લાગણીઓ પોતે પણ દર્શાવે છે. જનકકુમારી સીતાની હટથી રામ સ્ત્રીને વશ હોય તેમ વિચાર કર્યા વિના માયાવી કંચન મૃગની પાછળ દોડ્યા અને સીતાને રાવણ ઉપાડી ગયો. તેની શોધ કરવા વન વન ભટક્યા. હે સીતા, હે સીતા એમ કલ્પાંત કરવા લાગ્યા. બહાવરા બની રસ્તામાં જે મળે તેને પૂછવા લાગ્યા કે સીતાને તમે જોઈ છે ? સીતાને તમે જોઈ છે ? હતાશ થઈ રસ્તા વચ્ચે બેસી જતા. લમણે હાથે દઈ વિલાપ કરતા. નાના ભાઈ લક્ષ્મણ સાંત્વના આપતા અને તપાસ માટે આગળ વધતા. આ બધા મનુષ્યના ભાવ છે. સ્વયં લોકોત્તર પુરૂષ હોવા છતાં અજ્ઞાનીની જેમ વર્તાવ કરવા લાગ્યા. ભગવાનના ચરિત્રોમાં બ્રહ્માજી પણ મોહ પામ્યા હતા તો આપણે મનુષ્યની શી વાત કરવી ?

શ્રીહરિની વાતો સાંભળી નારસિંહજી બોલ્યા, હે મહારાજ ! તમારી પાસેથી યથાર્થ સાચી હકીકત જાણી મારી ખોટી માન્યતા નાશ પામી છે. મારો ભ્રમ હતો તે દૂર થયો છે. આપની વાતથી હું મારા હૃદયમાં શાંતિ અનુભવું છું. એમ કહી મહારાજને ફરી પગે લાગ્યા. એવામાં મુળજી બ્રહ્મચારી કોઈ કારણસર મહારાજને બોલાવવા આવ્યા. શ્રીહરિ ઉભા થઈ તેમની સાથે ગયા.

# સર્વોવતારી શ્રી સહજાનંદ સ્વામીનો અતિ મૂલ્યવાન પત્ર

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

આ પૃથ્વી પર વસતા મનુષ્યોના જીવનમાં દુઃખોની પ્રધાનતા જ નજરે ચઢે છે. કોઈ એક મનુષ્ય એવો નહિં શોધી શકીએ કે જેને જીવનમાં કોઈ દુઃખ ન હોય. દુઃખ સહન કરવાની શક્તિ મહદ્અંશે લોકોમાં ઓછી હોય છે. પરિણામે દુઃખી લોકો દુઃખ નિવૃત્તિ અર્થે અનેક ઉપાયો પ્રયોજતા રહે છે. કોઈક વ્યક્તિ દુઃખોના નિવારણ માટે ભગવાનને કે ઈષ્ટદેવ-દેવી કે સંત સદ્ગુરુનો આશ્રય મેળવી શાંતિ અને આશ્વાસન, ધીરજ દ્વારા સાથોસાથ શ્રધ્ધા અને વિશ્વાસ દ્વારા દુઃખ નિવૃત્તિ પ્રાપ્ત કરે છે. આવા લોકોને ઈશ્વરવાદી કહેવામાં આવે છે.

પરંતુ ભગવાનને આપણે ક્યાં જોયા છે ? મૂર્તિમાં રહી શું ભગવાન સાંભળતા હશે ? આપણાથી દૂર આકાશમાં રહેલા ભગવાન દુઃખ દૂર કેમ કરી શકે ? આવા પ્રશ્નોમાં દુઃખીજનો અટવાતા હોય છે. ત્યારે ઝટપટ સુખી થવા લોકો તાંત્રિકો, ભૂવા જાગરિયા, મૂઠ, ચોર વિદ્યાવાળાઓ પાસે દોડી જાય છે. મૂઠ-મંત્ર તંત્ર, વશીકરણ, મેલી વિદ્યા બ્લેક મેજીક જાણનારા અજમાવનારા અઘોરી કે તાંત્રિકો કહેવાય છે. લોકોને ભ્રમિત કરી પૈસા કમાવાનો તેમનો તો આ વ્યવસાય છે. તેમની જાળમાં ફસાયેલા લોકોને બહાર નીકળવું મુશ્કેલ હોય છે. બીજાને પરેશાન કરવા પણ લોકો બ્લેક મેજીક કરાવે છે.

અમેરિકા, યુરોપ અને પાકિસ્તાનમાં તાંત્રિકો તથા ભૂવાઓનું પ્રમાણ અનેક ઘણું છે. ૧૮ મી સદીમાં ગુજરાતમાં પણ તંત્ર મંત્ર વિદ્યાની, ભુવાજાગરિયા, તાંત્રિકોની બોલબાલા હતી. લોકોને સુખ સમૃદ્ધિથી લાલચ આપી કોઈ તાંત્રિકો યજ્ઞ યજ્ઞાદિના ખર્ચ કરાવે તો કોઈ અકળ અગમ્ય ક્રિયાઓ કરાવી ખર્ચમાં ઉતારે. કેટલાક તાંત્રિકો મનગમતી વસ્તુઓ માંગી લે. આમ તાંત્રિકોની સહાય મેળવનારાઓ તાંત્રિકોની મેલી માયાજાળમાં ફસાય છે. આખરે ખૂબ લૂંટાય છે. વિશેષ પરેશાન થતા જાય છે. કેટલાક બનાવટી ભૂવાઓ દુઃખનું નિવારણ કરી આપવા લોકોને ફસાવે છે. જાથા જેવી સંસ્થા તેઓનો ભાંડો ફોડી નાંખે છે. કેટલાક તાંત્રિકો તો હવે વર્તમાન પત્રો સમાયિકો કે ટી.વી.માં જાહેરાત આપતા હોય છે. આમ આજે પણ કેટલાક અંધશ્રધ્ધાળુઓ, તાંત્રિકોનો આશ્રય દુઃખ નિવારણાર્થે લેતા હોય છે. સર્વાવતારી શ્રી સહજાનંદ સ્વામીએ લોકોના આત્યંતિક કલ્યાણ અર્થે મનુષ્ય અવતાર ધારણ કર્યો. ગામડે ગામડે ગુજરાતમાં ફરી વળી લોકોને વહેમ, અંધશ્રધ્ધામાંથી મુક્ત કર્યા.

શિક્ષાપત્રી રચી અને ૨૧૨ શ્લોકમાં ગાગરમાં સુખનો સાગર ભરી દીધો. શિક્ષાપત્રીના ૮૫ માં શ્લોકમાં શ્રીજી મહારાજે લખ્યું છે કે ''અને જો ક્યારેક ભૂત પ્રેતાદિકનો ઉપદ્રવ થાય ત્યારે તો નારાયણ કવચનો જપ કરવો અથવા હનુમાનના મંત્રનો જપ કરવો પણ એ વિના બીજા કોઈ શુદ્ર દેવતાના સ્તોત્ર અને મંત્રનો જપ ન કરવો.''

શ્રી શતાનંદ સ્વામીએ ''જનમંગલ સ્તોત્ર''ની રચના કરી જેઓ પ્રતિદિન આ સ્તોત્રના ૧૦ પાઠ કરે છે તેમને ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં શિરોમોર સમા, અષ્ટાંગ યોગી શ્રી ગોપાળાનંદ સ્વામીએ આપેલો ''ઓમ નમો હનુમન્તે ભય ભંજનાય, સુખમ્ કુરુ ફટ સ્વાહા'' આ મહામંત્ર પણ અનેક દુઃખોનું નિવારણ કરી શકે છે. કોઈપણ તકલીફમાં જનમંગલ સ્તોત્રના દસહજાર પાઠ ફળદાયી નીવડે છે.

શ્રી સહજાનંદ સ્વામીનો એક પત્ર, મનુષ્યને જંત્ર,મંત્ર, મૂઠ, ચોર, વશીકરણ આદિ મેલી વિદ્યામાં મનુષ્ય ન ફસાઈ જાય તે માટે સમજણ આપતો અતિ મૂલ્યવાન પત્ર નીચે મુજબ છે.

શ્રી અનિર્દેશથી લિખાવીંતંગ, સ્વામીશ્રી સહજાનંદ મહારાજના સર્વ બાઈ ભાઈ નારાયણ વાંચજો.

બીજું લખવા કારણ એ છે જે, જે મનુષ્યને જે પોતાનું પ્રારબ્ધ હોય તેને અનુસારે તેને દેહને સુખ દુઃખ થાય છે

તથા જન્મ મરણ થાય છે. પણ જીવ પ્રારબ્ધ કર્મને ઉલ્લંઘન કરિને તો ભૈરવ, ભવાનિ આદિક દેવ અને દેવીયું છે તે કોઈ પણ એ જીવને સુખદુઃખ દેવા અર્થે અને મારવા જીવાડવાના અર્થે સમર્થ થતા નથી. ને પ્રારબ્ધ કર્મ અને કાળ તેને ખોટા કરી નાંખવા તથા મુવાને જીવતા કરવા તેમ જીવતાને મારી નાંખવા તેને વિષે તો એક પરમેશ્વર નારાયણ જ સમર્થ છે. પણ બીજા કોઈ દેવ દેવી સમર્થ નથી. માટે એક પરમેશ્વરનો દૃઢ આશ્રય રાખીને નિત્ય ભજન સ્મરણ કર્યા કરવું અને કોઈ દેવ દેવીનો ભય રાખવો નહિ.

આપણે તો ભગવાનના ભક્ત છીએ. માટે હરિભક્તને તે કોઈ રીતે મનમાં ભય રાખવો ઘટે નહિ. અને જંત્ર-મંત્ર, ઔષધિએ કરીને કોઈ માણસ જીવતો રહેતો હોય તો પૃથ્વીમાં કોઈ તો દીઠામાં આવત. પણ એવો કોઈ દીઠામાં આવતો નથી. અને વળી જે બહુ જંત્ર મંત્રને જાણે છે. તે પણ મરી જાય છે. બીજું જંત્ર મંત્ર કોઈ ઉપર કોઈના ચાલતા હોય તો ઘણાક શત્રુ જેની ઉપર હોય એવા મોટા મોટા રાજાઓ તે જીવતા શી રીતે રહે ? અને જંત્રે મંત્રે કરીને જ સિધ્ધિ થાવી હોય તો લાખો રૂપિયા ખરચીને રાજાઓ લશ્કર રાખે છે તથા આયુધ સામગ્રી રાખે એવડું શા સારૂં કરે ? એક ભારે મંત્ર શાસ્ત્રી રાખી તે મંત્ર તંત્રની સિધ્ધિએ કરીને સર્વે પ્રતિ પક્ષને મારી નખાવે પણ તેમ તો કોઈ ઠેકાણે દેખાણું નથી. માટે નિર્ભય થકા નારાયણનું ભજન કરજ્યો. અને કેવળ ભગવાનનો જ દૃઢ વિશ્વાસ રાખજ્યો. જેમ ભગવાને ધાર્યું હશે તે સત્ય થાશે. આપણું ધાર્યું કે બીજાનું ધાર્યું નહિ થાય, કેમ કે કોઈ જીવનું ધાર્યું થાતું હોય તો કોઈ ગરીબ રહેજ નહિ. સર્વેને રાજા થવાની ઉમેદ છે. પણ તેમ થતું નથી. માટે પરબ્રહ્મ પુરૂષોત્તમ એવા સમર્થ ભગવાનના આશ્રય તળે રહી ભજન કરવું.

આ અમૂલ્ય પત્ર ઉત્સવ-સમૈયામાં સંતો વાંચીને ગામડા અને શહેરોમાં યોજાતા ઉત્સવ સમૈયાઓમાં પધારેલા લોકોને વાકેફ કરતા અને લોકોને નવું જ્ઞાન, વિશ્વાસ અને બળ પ્રાપ્ત થતા રહ્યા. આવો સચોટ માર્ગદર્શન આપતો પત્ર લખીને શ્રી સહજાનંદ સ્વામીએ સ્વયં ભક્તજનોની મહાન સેવા કરી છે.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૧૫ ● શયન આરતી ૨૦-૧૫

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com
પ્રયાગ : www.prayagmilan.org
વડનગર : www.swaminarayanmandirvadnagar.com

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે નવુ એડ્રેસ**

shreeswaminarayan9@gmail.com





# મૂળી દેશની પ્રથમ અને અમદાવાદ દેશની ચોથી
# બાળ સત્સંગ શિબિર

- શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ)

અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી તથા પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સાનિધ્યમાં, બાળકોમાં શુભ સંસ્કારોનું સિંચન થાય તથા સંપ્રદાયના સિદ્ધાંતો અને સ્વામિનારાયણ ભગવાનની યથાર્થ ઓળખાણ થાય એવા આશયથી શ્રી નરનારાયણદેવ બાળ મંડળની બાળ સત્સંગ શિબિરનું આયોજન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી ખાતે તા. ૧૯-૧૧-૨૦૧૨ થી તા. ૨૧-૧૧-૨૦૧૨ સુધી શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી વતી મહંત સ્વામી સ.ગુ. શ્યામસુંદરદાસજી દ્વારા સુંદર રીતે સંપન્ન થયું હતું.

શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના પ્રાંગણમાં ભવ્ય બાળ સત્સંગ શિબિરનું આયોજન થયેલ. જેમાં અંદાજીત ૧૨૦ ગામોમાં ૧૧૦૦ બાળકોએ ભાગ લીધો હતો. જેનો પ્રચાર પ્રસાર માત્ર સત્સંગમાં જ નહિ પણ **E-TV, TV-9** જેવી ચેનલો અને દિવ્ય ભાસ્કર જેવા ન્યુઝ પેપરો દ્વારા સર્વ વ્યાપી બન્યો હતો. અને બહું ટૂંકા સમય ગાળામાં મૂળી દેશ તથા અમદાવાદ દેશના ઘણા ગામોના માત્ર ૧૩ વર્ષથી ૧૮ વર્ષની ઉંમરના બાળકોએ શિબિરમાં ભાગ લીધો હતો.

ત્રિદિનાત્મક બાલ સત્સંગ શિબિરમાં તા. ૧૯-૧૧-૨૦૧૨ ને સાંજે ૯ વાગે દરેક બાળકોનું રજીસ્ટ્રેશન થયું. ત્યારબાદ દરેક શિબિરાર્થીઓએ ઠાકોરજીની આરતીના દર્શન કરી પ્રસાદ ગ્રહણ કર્યો હતો. અને શિબિરમાં બાળકો દ્વારા ભવ્ય રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલ. જેમાં શ્રી નરનારાયણદેવ બાળ સત્સંગ મંડળ - સુરેન્દ્રનગરના બાળકો દ્વારા કીર્તનો નૃત્ય સાથે રજૂ કરીને દરેક શિબિરાર્થીઓએ નાસ્તો કર્યો હતો. આમ પ્રથમ દિવસ પૂરો થયો હતો. બીજા દિવસના પ્રારંભમાં સર્વે શિબિરાર્થી નિત્યવિધિથી પરવારી પૂજા-વિધિ કર્યા બાદ રાધાકૃષ્ણદેવની આરતીના દર્શન કરીને નાસ્તો કર્યો હતો અને ત્યારબાદ શિબિરના પ્રથમ સેશનનો પ્રારંભ થયો. જેમાં ''શ્રીજી મહારાજે બંધાવેલ નવ મંદિર અને તેનો મહિમા'' આ વિષય ઉપર શા.સ્વા. સત્યપ્રકાશદાસજીએ બાળકોને જ્ઞાન પીરસ્યું હતું. અને ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. ત્યારબાદ શિબિરનો દિપ પ્રાગટ્ય વિધિ પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા મહંત સ્વા. શ્યામસુંદરદાસજી, સ.ગુ.સ્વા. દેવપ્રકાશદાસજી અને સ.ગુ. સ્વા. કૃષ્ણવલ્લભદાસજી આદિક સંતો દ્વારા થયો હતો. વડીલ સંતોએ બાળકોને આશીર્વાદ આપ્યા હતાં. અને બાળકો ઈન ડોર ગેમના સેશનમાં ગ્રુપમાં રમત રમ્યાં હતાં. અને પછી પ્રસાદ લઈ શિબિરાર્થીઓ એ ૧ થી ૩ આરામ કરી સાંજે બીજા સેશનમાં પ.ભ. નારાયણભાઈ (બાલવાવાળા) અને સ.ગુ. શા.સ્વા. સત્યસંકલ્પદાસજી એ ''બાળ મંડળનો બાળક કેવો હોવો જોઈએ ?'' આ વિષય પર સારું એવું જ્ઞાન પીરસ્યું હતું. પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં ચોકલેટ ઉત્સવ પણ કરવામાં આવ્યો હતો. પછી દરેક શિબિરાર્થી ઠાકોરજીની આરતી કર્યા બાદ પ્રસાદ લેવા પધાર્યા હતા. રાત્રીય કાર્યક્રમમાં રાસ-ગરબાનું આયોજન કરેલ. જેના કલાકાર મયંકભાઈ મોદી હતાં. ગરબા રમ્યાં બાદ સર્વે બાળકો નાસ્તો કરી આરામ કરવા ગયા હતાં. આમ બીજો દિવસ પૂરો થયો.

ત્રીજા દિવસના પ્રારંભમાં નિત્ય વિધિ, પૂજા વિધિ અને આરતી કરી નાસ્તાથી પરવારી શિબિરના તૃતીય સેશનમાં હાજર થયા હતાં. જેમાં સ.ગુ.શા.સ્વા. સૂર્યપ્રકાશદાસજીએ બાળકોને ''વ્યસન મુક્તિ જેવા જીવનમાં દુષણરૂપ વિષયો પર સારુ એવું જ્ઞાન પીરસ્યું હતું. ત્યારબાદ સંતો ભક્તો સાથે મળી સર્વે શિબિરાર્થીઓને ''મૂળી દર્શન'' માં પ્રસાદીની જગ્યાઓના દર્શન કરવા લઈ ગયા હતા. અને ત્યારબાદ આવી સર્વે ભેગા મળી પ્રસાદ લીધો હતો અને પછી પ.પૂ. લાલજી મહારાજશ્રી સાથે ફોટો સેશન વિસ્તાર પ્રમાણે સર્વે બાળકોએ સ્મૃતિ રૂપ ફોટા પડાવ્યા હતા. અને ત્યારબાદ સમાપન સભામાં પ.પૂ.

લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં ઈન ડોર ગેમ, ગરબા આદિકમાં પ્રથમ-દ્વિતીય અને તૃતીય નંબર આવનાર બાળકોને પ્રોત્સાહિત ઈનામ પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રાપ્ત થયા હતાં અને છેલ્લે સંતોમાં મહંત સ્વા. શ્યામસુંદરદાસજી, સ.ગુ.સ્વા. બ્રહ્મવિહારીદાસજી તથા અમદાવાદ મહંત સ્વામીના પ્રતિનિધિ શા.સ્વા. નારાયણમુનિદાસજી તથા કોઠારી સ્વા. વ્રજભૂષણદાસજી આદિ સંતોની પ્રેરકવાણી અને છેલ્લે પૂ. લાલજી મહારાજશ્રીએ બાળકોને શુભાશિષ પાઠવ્યા હતા. અને વિદાય વેળાએ સર્વે બાળકોને ટી-શર્ટ, ટોપી અને આશીર્વાદપત્ર સ્મૃતિરૂપે પોતાના વરદ્ હસ્તે આપ્યા હતા. દરેક ૨૦ વિદ્યાર્થી દીઠ વિસ્તાર પ્રમાણે કુલ ૭૭ સંચાલક મિત્રો પધાર્યા હતા. એમની સેવા પ્રસંશનીય હતી. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સર્વેને આશીર્વાદ પત્ર આપી નવાજ્યાં હતાં. આમ સમગ્ર શિબિર દરમ્યાન ગૃપની વહેંચણી કરી હતી. જેમાં શ્રી રાધાકૃષ્ણદેવ ગ્રુપ, શ્રીહરિકૃષ્ણ ગ્રુપ, શ્રી ઘનશ્યામગ્રુપ તથા શ્રી નરનારાયણદેવ ગ્રુપ. જેમાં ઘનશ્યામ ગ્રુપ અને શ્રી નરનારાયણદેવ ગ્રુપ માં રસોડાની સેવા પ્રસંશનીય હતી. જેની જવાબદારી સ.ગુ.શા.સ્વા. બ્રહ્મવિહારીદાસજી (મહંતશ્રી ચરાડવા)એ સ્વીકારી હતી.

સમગ્ર આયોજનમાં ઘણો સંતોની સેવા-સાથ અને સહકાર પ્રાપ્ત થયો હતો. જેમાં જે.કે. સ્વામી, વ્રજ સ્વામી (નારાયણઘાટ, કોઠારી) વ્રજ સ્વામી, ગોપાલજીવન સ્વામી, પ્રવિણ ભગત, ચંદુ ભગત આદિક નામી અનામી સર્વે સંતો-ભક્તોએ સેવા કરી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-બાપુનગર, જયેશભાઈ (અમદાવાદ), ભાઈલાલભાઈ સાહેબ, પ્રાણજીવનભાઈ સાહેબ આદિક ભક્તોએ પણ પ્રેરણારૂપ સેવા કરી હતી.

સમગ્ર બાળ સત્સંગ સભાનું સંચાલન સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી તથા સ.ગુ.શા.સ્વા. સત્યપ્રકાશદાસજીએ સંભાળ્યું હતું.


## મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ તાબાના હરિમંદિરના હરિભક્તોને ધર્માદો ભરવા અંગે

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આદેશથી મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ દેશના તાબાના હરિ મંદિરના સત્સંગી સમસ્ત તથા કોઠારીશ્રી અને જે તે ગામના આગેવાન હરિભક્તોને જણાવવાનું જે, **ઈ.સ. ૨૦૦૧માં** વિનાશક ભૂકંપમાં આપણા મૂળી દેશમાં પ્રજાના જાનમાલ સાથે આપણા ઘણા મંદિરો ક્ષતિગ્રસ્ત, કોઈ મંદિર સાવ તૂટી ગયા હતા પડી ગયા તો કોઈ મંદિરમાં થોડા ઘણા અંશે ક્ષતિ થઈ હતી. તે સમયે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મૂળી મંદિરથી સહાય કરેલી. ઘણા મંદિરોને સંતો-મહંતોને એક એક ગામનું મંદિર તૈયાર કરવા પૂ. મહારાજશ્રીએ આજ્ઞા કરેલી અને જરૂર પડે તો તે સમય પુરતા જે તે ગામનો ધર્માદો જે મંદિરના બાંધકામમાં વાપરવા અનુમતિ આપેલી. જેથી મંદિર વહેલું પૂર્ણ થાય અને હરિભક્તોને ભજન ભક્તિનું સુખ મળે. જેથી સંતો મહંતોએ આજ્ઞા મુજબ મંદિર વહેલાસર તૈયાર કરાવી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા કરાવીને જે તે મંદિરના દસ્તાવેજો પણ મૂળી મંદિરમાં જમા કરાવેલા. પરંતુ આજે એક દાયકા બાદ પણ અમુક **વિસ્તારના મંદિર-ગામોનો ધર્માદો એમના મંદિરમાં જ રોકાઈ રહ્યો છે. તો જે તે ગામોમાં રહેતા હરિભક્તોને ખાસ આજ્ઞા સાથે જણાવવામાં આવે છે કે તમારું ધર્માદા અર્થે કરેલું દાન દ્રવ્ય એ ત્યારેજ ધર્માદો ગણાય કે તે ધન-અનાજ કે પદાર્થ માત્ર મૂળી મંદિર શ્રી રાધાકૃષ્ણદેવના કોઠારમાં (ચોપડે) જમા થાય અને તેની પાકી પહોંચ મળે.**

શ્રીહરિએ શિક્ષાપત્રી શ્લોક ૧૪૭ માં આજ્ઞા કરી છે ‘‘અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પાક્યુ જે ધન ધાન્યાદિક તે થકી દશમો ભાગ કાઢીને શ્રી કૃષ્ણ ભગવાનને અર્પણ કરવો અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વિસમો ભાગ અર્પણ કરવો. ધર્માદાનું ધન કોઈ સામાજીક કાર્ય કે અન્યથા કાંઈ કોઈ અર્થે ના વપરાય. આપણા ખેતી, ધંધા, નોકરીની આવકમાં દેવનો ભાગ છે. અને ઠાકોરજી તેથી હરપળ હર ક્ષણ આપણી રક્ષા કરે છે. આપણું સતત ધ્યાન રાખે છે.

માટે વ્હાલા હરિભક્તોને અનુરોધ છે કે મૂળીશ્રી રાધાકૃષ્ણદેવ તાબાના કોઈપણ હરિભક્ત ધર્માદો ન કાઢતા હોય તો હવેથી નિયમિત ધર્માદો કાઢવો **અને ખાસ જે હરિ મંદિરોનો ભૂકંપ સમયથી ધર્માદો અત્રે મૂળી મંદિર જમા નથી થતો તે ગામના કોઠારીશ્રી અને આગેવાન હરિભક્તોએ પોતાનો ગામનો ધર્માદો મૂળી શ્રી રાધાકૃષ્ણદેવના કોઠારે જમા કરાવી પાકી પહોંચ મેળવી લેવી.** ધર્માદો જ્યાં ત્યાં ન વાપરતા પોતાના દેશના મુખ્ય મંદિરમાં જ જમા કરાવવો તે દરેક હરિભક્ત માત્રની ફરજ છે.

મૂળી નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી આપ સૌ ઉપર ખૂબજ રાજી થાય અને આપ સૌની ખૂબજ પ્રગતિ થાય એવી પ્રાર્થના સહ.



# શ્રવણ ભક્તિ

- જોષી પ્રકાશ રમેશભાઈ (જેતલપુર પાઠશાળા)

આ જગતમાં પ્રભુ શ્રીહરિએ ભક્તિના ''નવ પ્રકાર'' બતાવ્યાં છે.

''श्रवण कीर्तनं विष्णोः स्मरणंपादसेंवनम् ।

अर्चनंवन्दनंदास्यं संख्यमात्मनिवेदनम् ॥

અર્થાત્ (૧) શ્રવણ ભક્તિ (૨) કીર્તન ભક્તિ (૩) સ્મરણ ભક્તિ (૪) પાદસેવન ભક્તિ (૫) અર્ચન ભક્તિ (૬) વંદન ભક્તિ (૭) દાસ્ય ભક્તિ (૮) સખ્ય ભક્તિ (૯) આત્મનિવેદન ભક્તિ. આ નવ પ્રકારની ભક્તિ બતાવવામાં આવેલ છે.

આ નવધાભક્તિમાં ''શ્રવણ ભક્તિ'' ખૂબજ સહેલાઈથી કરી શકાય છે. માત્રને માત્ર પ્રભુના ગુણ-ગાન સાંભળવાના હોય છે. અને પ્રભુની લીલા સાંભળવાની હોય છે. ''શ્રવણ ભક્તિ'' કરવાથી આપણને અક્ષરધામની પ્રાપ્તિ ચોક્કસપણે પ્રાપ્ત થાય છે.

રાજા પરીક્ષિતે પણ ''શ્રવણ ભક્તિ''થી જ મોક્ષ મેળવ્યો હતો. એક વખત રાજા પરીક્ષિતે ''શમીકઋષિનું અપમાન કર્યું હતું. રાજા પરીક્ષિત વનમાં શિકાર માટે નીકળ્યા હતા અને તેમને તરસ લાગી હતી પણ કોઈ જગ્યાએ જળાશય મળ્યું નહિ. બાજુમાં એક આશ્રમ હતો ત્યાં જઈ આજુ-બાજુ જોયું તો એક ઋષિ આંખો બંધ કરી તેમની તપશ્ચર્યામાં મગ્ન હતા. આવી પરિસ્થિતિમાં પરીક્ષિત રાજાએ પાણી માંગ્યું. કારણ કે તેમનું ગળું તરસના લીધે સૂકાતું હતું પણ ઋષિ તપશ્ચર્યામાં હતા તે સાંભળી ન શક્યા. આથી રાજા પરીક્ષિતે પોતાનું અપમાન સમજી એક મરેલો સાપ પોતાના ધનુષ્યની અણીથી ઉપાડીને ઋષિના ગળામાં નાખ્યો અને ઋષિનું અપમાન કર્યું. થોડીક જ ક્ષણમાં ઋષિના પુત્ર ''શ્રૃંગિઋષિ'' ત્યાં આવી પહોંચ્યા અને પિતાજીનું અપમાન જોઈ રાજા પરીક્ષિતને શાપ આપ્યો, ''હે રાજન્ ! તમને સાત દિવસ પછી ''તક્ષક'' ''નામનો સર્પ ડંખશે અને તમે મૃત્યુ પામશો.'' આ સાંભળી રાજા પરીક્ષિત પોતાનું રાજ્ય છોડી ગંગાકિનારે જતા રહ્યા. તેમને ત્યાં શુકદેવજીનો ભેટો થયો. અને રાજા પરિક્ષિતને ભગવાનના લીલાચરિત્રોનું ''શ્રવણ'' કરાવ્યું. ત્યારબાદ સર્પ ડંખ્યો અને રાજા પરીક્ષિતને મોક્ષ મળ્યો.

''શ્રીમદ્ ભાગવતમાં'' કહ્યું છે કે -

''बिलेवतोरुकमविकमान् ये

न श्रृव्वतः कर्णपुरे नरस्य''

અર્થાત્ જે મનુષ્ય પોતાના કાનથી ભગવાનની લીલાનું શ્રવણ કરતો નથી તે મનુષ્યનાં કાન સર્પને રહેવાના દર સમાન છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન પણ સ્વયં કથાનું શ્રવણ કરતા હતા. અને ''શ્રવણ ભક્તિ''નો ખૂબજ અદ્‌ભુત મહિમા ગાયો છે.

તો આપણે પણ મન, કર્મ અને વચનથી બંધાઈને પ્રભુ શ્રીહરિના લીલાનું ''શ્રવણ'' કરીએ અને અક્ષરધામની પ્રાપ્તિ મેળવીએ.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી.....

## આચાર્ય પાંડે કેશવપ્રસાદજી
## અયોધ્યાપ્રસાદજી મહારાજ

શ્રી નરનારાયણદેવના ચરણકમલ સમીપ શુભ સ્થાન શ્રી અમદાવાદથી લિખાવિંત આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ॥ શ્રીશ્રી

॥ સ્વસ્તિ શ્રી ઝાલાવાડ દેશ મહાશુભ સ્થાને ઉત્તમોત્તમ પરમપવિત્ર શ્રી પ્રત્યક્ષ પુરુષોત્તમના ચરણકમલોપાસક શ્રીજી મહારાજ કૃત મર્યાદાપાલક એવં સર્વ શુભ ઊપમાયોગ્ય હરિભક્ત બાઈભાઈ સમસ્ત અમારા જયશ્રી સ્વામિનારાયણપૂર્વક શુભાશીર્વાદ વાંચવા. અત્ર શ્રીજી મહારાજના પ્રતાપથી કુશલ છે ને તમારી કુશલતાનો પત્ર લખવો. બીજું વિશેષ લખવા કારણ એ છે જે તમારા સર્વેની શુભ વાસનાની વૃધ્ધિને અર્થે ને અશુભ વાસનાની નિવૃત્તિને અર્થે સર્વે હરિભક્તને શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે વરસોવરસ પોતપોતાના નામનો ધર્માદો આપવો. તે નામના ધર્માદાને ઊઘરાવવા સારુ સાધુ ત્યાગવલ્લભદાસજીનું મંડલ મોકલ્યું છે. તેમને શ્રીજી મહારાજની આજ્ઞા પ્રમાણે ઊધરાવી આપજો તે અમોને પહોંચશે. ને જેણે નામ લખાવ્યું ન હોય તેમણે પોતાનું નવું નામ લખાવવું. એમાં શ્રીજી મહારાજની અતિ પ્રસન્નતા છે. ને પોતાના ગામમાં મંદિર વગેરે હરેક ધર્મસંબંધિ કાર્ય આવે તેમાં નામનો ધર્માદો વાવરવો નહિ એવી શ્રીજી મહારાજની આજ્ઞા છે તેમાં ફેર પાડવો નહિ. ને નિત્ય પ્રત્યે મંદિરમાં આવવું ને કથાવાર્તા ભજન સ્મરણનો અભ્યાસ રાખવો ને આ પત્રની અવધિ સંવત ૧૯૩૩ ના કારતક સુદી-૧૫ થી લેઈને સંવત ૧૯૩૪ ના કાર્તિક સુદી-૧૫ પર્યંત છે. તાર પછે આ પત્ર માનવો નહિ. લિખિતં પુરાણી ખુશાલ પ્રભુરામના જયશ્રી સ્વામિનારાયણ વાંચજો. સંવત ૧૯૩૩ના કાર્તિક સુદી-૧૫.

પત્ર નં. ૧૦

શ્રીજી આજ્ઞા અનુસાર સંપ્રદાયની પ્રણાલિકા પ્રમાણે, નામ ધર્માદો ઊઘરાવવાનો આ **Authority Letter** પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રીએ લખાવડાવેલ છે. હરિભક્ત માત્રે નામ ધર્માદો અવશ્યપણે વર્ષોવર્ષ કરવો જ તે શા સારુ, તો મહારાજ કહે છે તેમ આપણી 'અશુભ વાસનાની નિવૃત્તિને અર્થે અને શુભ વાસનાની વૃધ્ધિને અર્થે છે.' તેમાં કાંઈ શંકાને સ્થાન નથી. નામ ધર્માદો ધર્મવંશી આચાર્યશ્રીને પહોંચે અને આપણે 'તેમના' ગણાઈએ અને ત્યારે શ્રીજી મહારાજ આપણી સર્વ પ્રકારે રક્ષા કરે છે. અહીં ધર્મવંશીના ચોપડામાં આપણું નામ આવે એટલે અક્ષરધામમાં શ્રીજી મહારાજ તેની નોંધ કરે ! અને શ્રીજી મહારાજ ત્યાં બેઠા થકા રાજી થાય તે રાજીપો, ધર્મવંશી આચાર્યશ્રીના કરુણાસભર નેત્રોમાંથી, તેઓશ્રીની વાણીમાંથી, તેઓશ્રીના વર્તન દ્વારા એ આપણને દેખાય જ - અનુભૂતિ થાય જ. આમા મહત્વ, ધનની લેવડ-દેવડનું નથી પરંતુ શ્રીજી આજ્ઞા પાલનનું છે અને ફળ પણ શ્રીજી આજ્ઞા પાલનનું જ છે. માટે સર્વે હરિભક્ત માત્રે આજે પણ આ જ પ્રમાણે વર્તવાનો ખટકો રાખવો.

આ પત્ર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના હોલ નં. ૧૧ માં હરિભક્તોના દર્શનાર્થે રાખવામાં આવ્યો છે. તેનાં સૌ ભાવ ભરીને દર્શન કરજ્યો.

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - નવેમ્બર-૨૦૧૨

| | |
|---|---|
| રૂા. ૫૦૦૦૦/- | હિરાણી ધનજી કુવરજી ધ.પ. રાધાબાઈ સહ પરિવાર, ફોટડી (કચ્છ) |
| રૂા. ૨૫૦૦૦/- | કરશનભાઈ મનજી હિરાણી, ધ.પ. અમરબાઈ કરશનભાઈ હિરાણી સહ પરિવાર, પારાયણ નિમિત્તે રામપર-વેકરા (કચ્છ) હાલ ગાંધીધામ. |
| રૂા. ૨૧,૦૦૦/- | પટેલ ચંદુભાઈ જીવીદાસ -ઈટાદરા (માણસા) |
| રૂા. ૨૦૦૦૦/- | એક હરિભક્ત, અમદાવાદ. |
| રૂા. ૧૧૧૧૧/- | સ્વ.કાનજીભાઈ કરશનદાસ પટેલ -ઈટાદરા (માણસા)ગં.સ્વ. કમળાબા કાનજીભાઈ પટેલ |
| રૂા. ૧૧૦૦૦/- | પટેલ અંકુર ધીરજભાઈ -અમદાવાદ ચિ. જીયાના જન્મ નિમિત્તે |
| રૂા. ૧૧૦૦૦/- | વિશાલ ચમનલાલ ઠક્કર - મુંબઈ |
| રૂા. ૧૧૦૦૦/- | પટેલ વિશાલ પ્રાણજીવનભાઈ - નિર્ણયનગર ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા નિમિત્તે |
| રૂા. ૧૦૦૦૦/- | મનસુખભાઈ છગનભાઈ મનાણી (જીરાગઢવાળા) સિંગાપોર |
| રૂા. ૧૦૦૦૦/- | પટેલ પૂનમભાઈ મગનભાઈ, અમદાવાદ. |
| રૂા. ૭૦૦૧/- | રમીલાબેન અરવિંદભાઈ પટેલ - વિરાટનગર |
| રૂા. ૫૦૦૦/- | પરસોત્તમભાઈ બી. પટેલ - ગુમાસણ હ.ગોવિંદભાઈ તથા રાજુભાઈ |
| રૂા. ૬૫૦૦/- | ઘનશ્યામ એન્જીનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝ, બોપલ. |
| રૂા. ૫૧૦૦/- | પાટડીયા જ્વેલર્સ, જયેશભાઈ સોની, અમદાવાદ. |
| રૂા. ૫૦૦૦/- | ચંદ્રિકાબેન અનિલકુમાર જુગલદાસ - યુ.એસ.એ. |
| રૂા. ૫૦૦૦/- | ઘનશ્યામએન્જીનીરીંગ -બોપલ હ. મીનાબેન કે. જોષી |
| રૂા. ૫૦૦૦/- | ઉમેશભાઈ રવજીભાઈ રાઠોડ - ઈસનપુર હ.સંજીવ તથા વિજય |
| રૂા. ૫૦૦૦/- | એક સત્સંગી બહેન - નારણપુરા હ.મુકુંદભાઈ જે. શાહ |
| રૂા. ૫૦૦૦/- | સુશીલાબેન તથા જસવંતભાઈ મોદી- અમદાવાદ ૧૦ વર્ષના વીઝા મળ્યા નિમિત્તે |
| રૂા. ૫૦૦૦/- | ડો. હરિકૃષ્ણભાઈ ગોકળભાઈ પટેલ - સાપાવાડા |
| રૂા. ૫૦૦૦/- | મહેશભાઈ પટેલ લાલોડાવાળા - વાપી |
| રૂા. ૫૦૦૦/- | ત્રિભોવનદાસ હિરદાસ પટેલ - આજોલ |
| રૂા. ૫૦૦૦/- | નરેન્દ્રભાઈ બાબરભાઈ પટેલ પરિવાર - અમદાવાદ |
| રૂા. ૫૦૦૦/- | અ.નિ.નટવરભાઈબાબરભાઈ પટેલ - અમદાવાદ |
| રૂા. ૫૦૦૦/- | વિશાલ નરેન્દ્રભાઈ પટેલ પરિવાર - અમદાવાદ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - નવેમ્બર-૨૦૧૨

| | |
|---|---|
| તા.૨૮/૮ | લલીતકુમાર જગજીવનરામ ઠક્કર - અમદાવાદ |
| તા.૧૧. | રમણીકભાઈ બી. સરધારા - બાપુનગર |
| તા.૧૨. | અ.નિ.કૃષ્ણજીવનદાસજીની પુણ્યતિથિ નિમિત્તે હ. શ્રીજીપ્રકાશ ગુરુ રઘુવીરચરણદાસજી |
| તા.૧૬ | મહેન્દ્રકુમાર છોટાલાલ પટેલ -કાળીગામ સાબરમતી |
| તા.૧૭ | રીમાબેન લક્ષ્મણભાઈ વેકરીયા - લંડન |
| તા.૧૮ | કિરીટભાઈ રમણભાઈ પટેલ -રાણીપ |
| તા.૨૦ | હસમુખભાઈ કાંતિલાલ શાહ - હ્યુસ્ટન હ. નલિન કાંતીલાલ શાહ |
| તા.૨૧ | સુધીરભાઈ પી. પટેલ (દાસભાઈ) બાપુનગર હ. લાભુબેન પી. પટેલ, નેહા, ચંદ્રિકાબેન, વનેશા |
| તા.૨૩ | પટેલ ત્રિભોવનદાસ અભિચંદદાસ ભાઉપુરા હ. પરેશ તથા વિશ્વ |
| તા.૨૫ | સમસ્ત સત્સંગ સમાજ તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા શ્રી સ્વા.મંદિર- ઘાટલોડીયા |
| તા.૨૭ | શશીકાન્તભાઈ પટેલ ઉંઝાવાળા - કેનેડા હ. ઉદયનભાઈ મહારાજા |

અમદાવાદમાં તા. ૧૯થી ૨૫ નવેમ્બર દરમ્યાન હેરિટેજ વીક ઉજવવામાં આવેલ અનેક જગ્યાએ હેરિટેજને લગતા વિશિષ્ટ કાર્યક્રમો યોજાયા હતા.શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ખાતે પણ તા ૨૧ નવેમ્બરે દેશ વિદેશથી આવેલ હેરિટેજ નિષ્ણાંત અને તેમાં રસ ધરાવતા લોકો માટે આયોજન કરાયું હતું. જેમાં પ.પૂ.મોટા મહારાજશ્રી, પૂ.પી.પી.સ્વામી (જેતલપુર) તથા મહંત સ્વામી હરિકૃષ્ણદાસજીએ આપણા સંપ્રદાય તથા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના હેરિટેજ વિશે હાજર સૌને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ સૌએ મ્યુઝિયમની મુલાકાત લઈ, પ્રસાદીની વસ્તુઓ નિહાળી ધન્યતા અનુભવી હતી.

---

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી
(ગાંધીનગર)

## એકલા ઉપદેશથી કામ ન થાય

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

**रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ।।**

વ્હાલા મિત્રો ! શિક્ષાપત્રીનું આ સંસ્કૃત વાક્ય કદાચ જલ્દી નહી સમજાય. પરંતુ આ સત્ય ઘટના વાંચ્યા પછી તમને બધો જ ખ્યાલ આવી જશે.

જગતના કલ્યાણ માટે સ્વામિનારાયણ ભગવાને ઉત્તર ભારતની યાત્રા પૂર્ણ કરી, તીર્થોને પાવન કરીને દક્ષિણ ભારત તરફ પ્રયાણ શરૂ કર્યું. ફરતા ફરતા તીરૂપતિ બાલાજી પહોંચ્યા. ત્યાંથી આગળ રામેશ્વર તરફ જવા પ્રયાણ કર્યું. રસ્તામાં એક બનાવ બન્યો.

સેવકરામ નામનો એક યાત્રિક એ રસ્તેથી રામેશ્વર જવા ચાલ્યો જાય છે. પોતાની સાથે થોડા અન્ય યાત્રિકો અને બે-ત્રણ શિષ્યો પણ ખરા.

રસ્તામાં વેઠવી પડતી અનેક વિટંબણાઓને લીધે સેવકરામ બિમાર પડ્યો. બે-ત્રણ દિવસમાં તો મંદવાડ ખૂબ વધી ગયો. અને સંગ્રહણીના હઠીલા દર્દમાં સપડાયો. બધાને લાગ્યું કે હવે આ યાત્રિક તો નહી બચે તેથી ધીમે ધીમે સૌ ચાલ્યા ગયા. એમના શિષ્યો પણ એમનો ત્યાગ કરી ગયા.

સેવકરામ પાસે એક હજાર રૂપિયાની સોનામહોરો હતી પણ સોનામહોરો કાંઈ સેવા કરી શકે ? ઘણા અજ્ઞાની માને છે કે સંપત્તિ હોય તો બધા જ સારા વાના થઈ શકે. પરંતુ સહકાર વિના સંપત્તિ કશું જ કરી શકતી નથી. આ સેવકરામ પાસે હજાર રૂપિયાની સંપત્તિ હોવા છતાં એ દુઃખી થઈ ગયો. અને પોતાની ચાકરી કરનાર કોઈ ન હોવાથી ઊંચે સાદે રડવા લાગ્યો.

સ્વામિનારાયણ ભગવાન એ વખતે યાત્રા કરતાં કરતાં તિરૂપતિ બાલાજી થી રામેશ્વર પધારતા હતા અને રસ્તામાં આ સાધુને રડતો જોયો. એટલે એની પાસે જઈ આશ્વાસન આપ્યું અને જોયું કે ફકત આશ્વાસનથી આ મટશે નહિ. આશ્વાસનની સાથે ચાકરી પણ કરવી જોઈએ. પોતાની યાત્રા થંભાવી દઈને પ્રભુ ત્યાં રોકાઈ જાય છે અને સેવકરામની સેવા કરવા લાગી જાય છે. દરરોજ કેળાના બગીચામાંથી કેળપત્રો લાવીને એકહાથ ઉંચી પથારી કરી આપતા, સ્નાન કરાવતા અને ખૂબ ચાકરી કરતા. ધીમે-ધીમે એ સેવકરામને કાંઈક ઠીક થવા લાગ્યું. પેટમાં કંઈક અનાજ પચવા માંડ્યું.

બાજુના ગામડાઓમાંથી ભિક્ષા માંગી લાવીને તેમાંથી સારી રસોઈ બનાવી પ્રભુ સેવકરામને જમાડતા. પછી સેવકરામને પથારીમાં સૂવાડી પોતે ફરીથી ભિક્ષા માટે ગામમાં જતાં. કદાચ બીજીવાર ભિક્ષા ન મળતી તો ઉપવાસ પણ થતો. આ બાજુ સેવકરામને હવે ભૂખ ઉઘડી છે. તે દરરોજ પોતાના પૈસા આપીને પ્રભુ પાસે ગામમાંથી ઘી, ખાંડ વગેરે મંગાવતો અને જમી લેતો.

દુનિયામાં દુઃખો અનેક છે એ વાત સાચી પણ એનામાં ઘણાં દુઃખો પોતાના સ્વભાવને કારણે જ આવે છે. બધા માણસો આમને એકલો મુકીને ચાલ્યા ગયા. એમના શિષ્યોએ પણ સેવા ન કરી એમાં સેવકરામનો કંજૂસ સ્વભાવ પણ કારણ ખરો જ. ભગવાને આટલી બધી સેવા કરી છતાં પોતે પોતાના પુરતું પ્રભુ પાસે બનાવરાવીને ખાય છે. પણ પ્રભુને જમાડતો જ નથી. ભગવાન તો નિઃસ્વાર્થી છે. એમને જીવો સાથે કશો સ્વાર્થ હોતો નથી. જીવોના અવગુણ સામે પ્રભુ જોતા નથી. એક મહિના સુધી સેવકરામની સાથે રહીને તેમની સેવા કરી. હવે એ સરસ સાજો તાજો શેર ઘી જમી પચાવી શકે તેવો થયો. પણ સ્વભાવ ન ગયો. એણે માન્યું કે આ વગર પગારનો વેઠીયો સારો મળી ગયો છે. પોતાનો એક મણનો ભાર પ્રભુ પાસે ઉપડાવે ને પોતે ખુલ્લાં હાથે ચાલતો. પણ ભગવાન ભક્તોનો પ્રેમ ભાર ઉપાડે છે પણ ધનભાર નહી ! સેવકરામની સેવા કરી સાજો સારો બનાવી પછી પ્રભુ ત્યાંથી રામેશ્વર પધાર્યા હતા.

સુચારિત્ર્યનું નિર્માણ એકલા ઉપદેશથી થતું નથી. એની સાથે એવાં જ આચરણો જોઈએ છે. ઉપદેશ અન આચરણ વડે જ જગતમાં ચારિત્ર્યનું નિર્માણ થઈ શકે

છે.

ઈતિહાસ સાક્ષી પુરે છે કે ગુજરાત, કચ્છ, કાઠીયાવાડમાં સ્વામિનારાયણ ભગવાને અજબ જાગૃતિ આણી હતી. પછાત ગણાતી કેટલીય કોમોને એમણે ઉંચ્ચજીવન વાળી બનાવી હતી. ચોર-લૂંટારાઓને સમાજના સાચા સેવકો અને ભક્તો બનાવ્યા હતા. સમાજમાં માનવીય અને ધાર્મિક શુભ સંસ્કારોનું સિંચન કર્યું હતું. આ બધું શાથી થયું ?

સર્વોપરિ સ્વામિનારાયણ ભગવાને જ એનો ખુલાસો કર્યો છે. એમણે જે જે કર્યું છે તે એકલા ઉપદેશ દ્વારા નહી પણ આચરણ દ્વારા કર્યું છે. એને માટે ઉપરનો દાખલો વાંચતા જ આપણને યાદ આવશે કે યાત્રામાં જતા હતા છતાં માંદા માણસની સેવાને પ્રથમ સ્થાન આપ્યું અને પછી શિક્ષાપત્રીમાં પણ લખ્યું કે માંદો એવો જે હરકોઈ મનુષ્ય તેની ચાકરી જીવન પર્યંત કરવી.

શુષ્ક અને લુખા ઉપદેશથી સમાજમાં સુચારિત્ર્યનું નિર્માણ થઈ શકતું નથી. સમાજને ચારિત્ર્યવાન બનાવવા સ્વામિનારાયણ ભગવાને જાતે ભૂખ તરસ વેઠીને, અનેક અપમાનો સહન કરીને પણ સમાજની સેવા કરી છે. સેવા અને સમર્પણ વડે સમાજના જીવનમાં દિવ્ય જ્યોતિ પ્રગટાવી છે. સમાજને ઉચ્ચ ચારિત્ર્યવાળા બનાવવા માટે અનેકવિધ રસ્તાઓ સૂચવ્યા છે. આજે આ યુગમાં જ્યાંને ત્યાં ચારિત્ર્યની પડતી જોવામાં આવે છે, સર્વત્ર માનવતા હિત, વર્તણુંક, નિતી, સહકાર, સંયમ, સેવા જેવા સદ્‌ગુણોનો તો જાણે ઉપહાસ થઈ રહ્યો છે. આવા યુગમાં પણ ચારિત્ર્ય નિર્માતા સર્વોપરિ સ્વામિનારાયણ ભગવાનના આચરણો અને ઉપદેશોને આપણે યાદ કરીશું. જીવનમાં ઉતારીશું તો સુચારિત્ર્યની પુનિત સરવાણી આપણા જીવનમાં જરૂર વહેતી રહેશે.

●

## સહજાનંદી સિંહો

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

સંપ્રદાયમાં ઈતિહાસિક ઘટના બની, ખોખરા-મહેમદાવાદમાં ભારે લડાઈ થઈ. શ્રીજી મહારાજે પાર્ષદોને આજ્ઞા કરી, ‘‘હથિયાર ધારણ કરો, તમારો ક્ષત્રિય ધર્મ બજાવો.’’ તે યુદ્ધમાં તો પાર્ષદોએ રંગ રાખ્યો પણ આવી જ એક પરિસ્થિતિ બીજી સર્જાઈ. જાણે બીજું યુદ્ધ જોઈલો.

નવાઈ લાગશે. આ મહેમદાવાદની ધરતી જ એવી હશે ! આ ઘટનામાં કોઈ અસૂરો સાથે યુદ્ધ નહોતુ કરવાનું ! આ યુદ્ધ હતું, મહારાજ અને સંતો વચ્ચે. જે સંતો ગામો ગામ શ્રીજી મહારાજના મહિમાની વાતો કરે, જે સંતો ઉત્પતિ, સ્થિતિ લયના કરનારા ભગવાનને કહે છે. જેની આજ્ઞા લોપવા કોઈ સમર્થ નથી. એવું સમજનાર તથા સમજાવનાર સંતો આજે મહારાજ સાથે વાણી યુદ્ધ કરવા લાગ્યા.

કઈ બાબતમાં જાણો છો ? મહેમદાવાદમાં એક વડના વૃક્ષ નીચે સભા હતી. સભામાં શ્રીજી મહારાજ, મુક્તાનંદ સ્વામી તથા સાંઈઠ સંતો બેઠા હતા. તે સમયે શ્રીજી મહારાજે એક સંતને પૂછ્યું, હે સાધુરામ ! તમે કોનું ધ્યાન કરો છો ? મહારાજ ! हम तो तुम्हारा ध्यान करते हैं । बहुत आनंद आता है । શ્રીજી મહારાજ કહે છે. તો આજથી અમારું ધ્યાન તમારે નહિ કરવાનું. ધ્યાન કરવું હોય તો આ મુક્તાનંદ સ્વામીનું કરવાનું તે શાંત મૂર્તિ છે. ધૈર્ય મૂર્તિ છે. અમારાથી મોટા છે. અમારા મોટા ગુરુભાઈ છે. અમારા ગુરુના સૌથી પ્રિય અને શ્રેષ્ઠ શિષ્ય છે. માટે આજથી એમનું ધ્યાન કરવાનું. બીજાનું નહિ. ત્યાં તો આ સાધુ ગરમ થઈ ગયા ये नही होगा । ध्यान तो तेरा ही होगा । શ્રીજી મહારાજ કહે છે. અમે આજ્ઞા કરીએ છીએ. તમારે મુક્તાનંદજીનું જ ધ્યાન કરવાનું. नही । ये कभी नही होगा । ध्यान एक तेरा ही होगा । શ્રીજી મહારાજે કહ્યું જતા રહો અહીંથી. અમારી વાત ન સ્વીકારવી હોય તો આજથી તમે વિમુખ. આ સાધુ કહે, विमुख होजाएगे । मगर ध्यान तो तेरा ही करेगे ।

આ સાધુ દૂર બીજું વડનું વૃક્ષ હતું ત્યાં જઈને બેઠા. યુદ્ધમાં, રમતમાં નક્કી જ નથી હોતું કોણ જીતે કોણ હારે. આ સંતના ગયા પછી મહારાજ શાંત ન થયા. બીજા સંતને કહ્યું, તમે કોનું ધ્યાન કરો છો. મહારાજ તમારું. મહારાજ કહે છે આજથી તમારે મુક્તાનંદજીનું ધ્યાન કરવાનું. ના મહારાજ કહો તો નિત્ય દંવડત કરું. મુકતાનંદજીને પ્રેમથી જમાડીને જમું. જીવન ભર એમના વચનમાં રહું પણ ધ્યાન તો તમારું જ કરીશું. મુક્તાનંદજીનું નહિ. તો જાઓ જતા રહો અહીંથી તમે. તમે પણ વિમુખ. મહારાજ ! શરીરથી તમે વિમુખ કરી શકશો. આત્મા તો તમારા જ ચિંતનમાં મગ્ન રહેશે. આ સંત પણ દૂર વડના વૃક્ષ પાસે બેઠા. આ તો પ્રકરણ બંધ ન થયું. મહારાજ હજુ શાંત ન થયા. ત્રીજા સંતને કહ્યું તે પણ ન માન્યા. ચોથાને કહ્યું તે પણ ન માન્યા. વિમુખની સંખ્યા વધવા લાગી. સાઈઠ

અનુસંધાન પેન નં. ૨૩૫૨

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**(ઈડર દેશ મહિલા શિબિર પ્રસંગે)**
(સંકલન : નીલાબેન કે. પટેલ)

આ જીવાત્મા ચોર્યાસી લાખ યોનિ પસાર કરીને પરમ કૃપાળુ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપા પામીને મનુષ્ય અવતારને પામ્યો છે. આ દેહ ક્ષણભંગુર છે નાશવંત છે. આત્મા અધિકારી છે. દેહ વિકારી છે. સત્સંગ દૃઢ કરવા ધર્મ, જ્ઞાન, ભક્તિને વૈરાગ્યની આવશ્યકતા છે.

ધર્મ - સાધારણ અને વિશિષ્ટ એમ બે પ્રકારનો છે.

સાધારણ ધર્મ દરેકને લાગુ પડે છે જેમ કે ચોરી ન કરવી, હિંસા ન કરવી, મદ્યપાન ન કરવું વગેરે....

વિશિષ્ટ ધર્મ - બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એમ ચાર વર્ણ અને બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ એમ ચાર આશ્રમમાંથી આપણને જે લાગુ પડતો હોય તેનું પાલન કરવું.

જ્ઞાન - જે તે વસ્તુને તેની વાસ્તવિક રીતથી સમજવી તેને જ્ઞાન કહીએ.

ભક્તિ - ભગવાનને સ્નેહે કરીને ગુણગાન કરીએ તે ભક્તિ.

વૈરાગ્ય - ભગવાન સિવાય અન્ય પદાર્થ માત્રમાં પ્રીતિ ન હોય તેનું નામ વૈરાગ્ય.

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' આપણું બાહ્ય અને અંતર મન પવિત્ર રાખવું જોઈએ. સ્વચ્છ રાખવું જોઈએ. આપણે કોઈ ઉતારે ગયા હોય ને ત્યાં સાફ સફાઈ ન હોય તો જેમ આપણને ગમતું નથી તેમ પરમાત્માને રહેવાનું ઘર આપણું હૃદય મંદિર છે તેને પવિત્ર રાખવું જોઈએ. કોઈ માણસ ગંગાના નીરમાં ચાર દિવસ ઉભો રહીને તપ કરે પણ જો મન પવિત્ર ન હોય તો તેને સ્નાન જ કર્યું કહેવાય પણ મનની શુદ્ધિકરણ કરવા માટે તો સત્સંગ જ કરવો પડે. શાસ્ત્રે કહ્યા મુજબ સાચા સાધુના લક્ષણ ઓળખીને સંત સમાગમ કરવો જોઈએ.

આ સંસારમાં કુસંગનો રંગ જલ્દી લાગી જાય છે. સત્સંગનો રંગ લાવવા માટે દાખડો કરવો પડે છે. પાણીને નીચે તરફ વહાવવા માટે પ્રયત્ન કરવો પડતો નથી. જ્યારે ઉપર તરફ લઈ જવામાં યંત્રની જરૂર પડે છે.

યાને કે મહેનત કરવી પડે છે.

શ્રાવણં કીર્તનં વિષ્ણો સ્મરણે પાદ સેવનમ્ ।
અર્ચનં વંદનં દાસ્યં સખ્યામાત્મનિવેદનમ્ ॥

આ નવ પ્રકારની ભક્તિમાંથી આપને જે ભક્તિમાં વધુ રૂચિ હોય જે ભક્તિથી આપણું આત્માનું બળ વધતું હોય મન વધુ પ્રફુલ્લિત રહેતું હોય તેજ ભક્તિ સૌથી શ્રેષ્ઠ ભક્તિ છે. પાંચ સમયની માનસી પૂજા કરવાથી ભગવાન તરફ વધુ સ્નેહ થાય છે. ભગવાનના ચરણ પખાળવાની સેવા નો લાભ માનસી પૂજામાં લઈ શકાય છે. જેમ નાના બાળકની બધી જ રૂરિયાત માતા પૂરી કરે છે. તેમ આપણે પણ પરમાત્મા પાસે નાના બાળકની જેમ નિખાલસ બનીએ અને ભક્તિ કરીએ જેથી પરમ આત્મારૂપી મા આપણી બધી જરૂરિયાત પૂરી કરશે. અંતમાં ભગવાનની શરણાગતિ સ્વીકારીને અહંકારે રહિત કરેલી ભક્તિ ફળદાયી નીવડે છે. બધી જ બહેનોની આધ્યાત્મિક માર્ગે ઉન્નતિ થાય અને નરનારાયણદેવ રાજી રહે એવા શુભાશીષ પાઠવ્યા હતા.

અમદાવાદની ત્યાગી બહેનોએ પણ આ શિબિરમાં આવી આત્માનું બળ વધે તેવી શુભકામના વ્યક્ત કરી હતી. શિબિરમાં યજમાન પદ જયાબેને શોભાવ્યું હતું. તેમજ ઈડર દેશની ૨૮ ગામની બહેનોએ આ શિબિરનો લાભ લીધો હતો. સભાનું સંચાલન નીલાબેન કે. પટેલે સુંદર રીતે કર્યું હતું.

ઈડર દેશ મહિલા શિબિરનું આયોજન-ઉતારા તથા અલ્પાહાર વગેરેની વ્યવસ્થા મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીએ સારી રીતે બજાવી હતી. પ.પૂ. ગાદીવાળાશ્રીએ ખૂબ રાજી થઈને ઈડર દેશ તથા હિંમતનગર વગેરે સ્થાનોથી આવેલા બહેનોને સત્સંગવર્ધક આશીર્વાદ પાઠવ્યા હતા. તથા ખૂબ રાજીપો દર્શાવ્યો હતો.

●

**અમદાવાદ શહેર ચોર્યાસી**
- પટેલ નિશા વિષ્ણુભાઈ (ગુલાબપુરા)

શ્રીનગર શહેરમાં મહાપ્રભુ ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રી નરનારાયણદેવ બાથમાં

ઘાલીને ખૂબજ ધામધૂમથી પધરાવ્યા. મહોત્સવમાં સર એન્ડ્રી ડનલોપે ખૂબ સહયોગ આપ્યો. પછી આગેવાન હરિભક્તો તથા સંતોની ઈચ્છાથી બ્રાહ્મણોની ચોરાશી કરવાની વાત થઈ. પ્રભુએ આનંદ સ્વામીને કહ્યું કોઠારમાં રૂપિયા હોય તો ચોરાશી કરીએ. સ્વામીએ કહ્યું કે કોઠારમાં તો કાંઈ જ નથી. પણ લાલદાસ ગોરા પાસે થોડા રૂપિયા છે. લાલદાસ ગોરાને બોલાવી શ્રીહરિએ પૂછ્યું તમારી પાસે કેટલા રૂપિયા છે ? પ્રભુ ! સાત હજાર રૂપિયા છે.

એ રૂપિયા તમે ચોરાશી કરવા આપશો ? પ્રભુ ઘરના માણસને પૂછવું પડે. તો જલ્દી પૂછી આવો. લાલદાસભાઈએ ઘેર ગયા અને પૂછ્યું આપણી પાસે રૂપિયા છે તે ભગવાનને જરૂર છે. તો શું કરશું. એટલે ઘરવાળાંએ ખૂબ ઠપકો દીધો અરેરે ! આવી જાહોજહાલી શ્રીજી મહારાજે જ આપી છે. આ બધું એમનેજતો આપ્યું છે. એમાં મને શું પૂછવાનું હોય ? આપણે તો રળી ખાઈશું. લાલદાસભાઈ સાત હજાર રૂપિયા લઈને આવ્યા પ્રભુ પાસે મુક્યાં.

ભગવાને આગેવાન બ્રાહ્મણોને બોલાવીને ચોરાશી જમવાની વાત પૂછી. ભૂદેવો કહે કે સ્વામિનારાયણ ! તમે આ શું કહો છો ? ચોરાશી કરવી હોય તો છ મહિના પહેલા તૈયારી કરવી પડે. તમે મશ્કરી તો નથી કરતા ને ! નહીં નહીં ભૂદેવો ! તમે અમારી ચોરાશી જમવાની હા પાડો, તૈયારી કરવી અમારૂં કામ, બ્રાહ્મણોએ 'હા' પાડતાં જ શહેરમાંથી ઘંઉ, લોટ, ખાંડ, સાકર, ઘીની પુષ્કળ ખરીદી થઈ. શ્રીહરિના સંકલ્પથી માત્રથી એક દિવસમાં તૈયારીઓ શરૂ થઈ ગઈ.

કાંકરિયાની પાળે સીધું સામગ્રીના ગંજ ખડકાઈ ગયા. ભૂદેવો ચૂલાઓ બનાવીને લાડું બનાવવા લાગ્યા. ગામડેથી ઘીના ગાડાં ભરાઈને આવવા લાગ્યા. ભૂદેવો સંપથી કામ કરતા હતા. ઘીનું ગાડું જોઈને વિચાર બદલાયો. અલ્યા ! પેલું ઘીનું ગાડું આવે છે ત્યાં જઈને ખેડૂતને સમજાવીને એકાદ ગાડું બીજે રસ્તે લઈ જા. તો છ મહિના ઘી ખાશું. અને એક બ્રાહ્મણે ગાડું બીજે હંકાવ્યું. પરંતુ ચોરાશીના રસોડા ઉપર આગેવાન નિષ્કુળાનંદ સ્વામીએ ગાડું રસોડા તરફ હંકાવ્યું. પોતાના કાર્યમાં જાણે વિઘ્ન આવ્યું તેમ માનીને ખીજાયેલા બ્રાહ્મણે સ્વામીને બચકું ભરી લીધું.

ફાગણ સુદ-૫ ના બ્રાહ્મણોની મોટી પંગતો પડી ખૂબ લાડુ જમાડ્યા. સાંજના સૂર્યાસ્ત પહેલા અગણિત બ્રાહ્મણો હાથમાં સવા-સવા રૂપિયો દક્ષિણા લઈને વિખરાવા લાગ્યા. બ્રાહ્મણોનો ભોજન વિધિ અદ્‌ભુત હતો. કેટલા લાડુ જમ્યા એમ પૂછનારો એ વખતે અજ્ઞાની ગણાતો. એ તો કેટલા વેદ ભણ્યા ? કેટલા પુરાણ ? કેટલા શાસ્ત્રો ? એમ પૂછાતું. સામેથી જવાબ પણ એ રીતે મળે. ચાર વેદ ભણ્યા છીએ. કોઈ કહે ચાર વેદ અને છ શાસ્ત્રો, તો કોઈ શૂરવીર ભૂદેવ જવાબ આપતા ચાર વેદ, છ-શાસ્ત્રને અઢાર પુરાણ ભણી લીધા.

આ રીતે કાંકરિયાની પાળે હજારો ભૂદેવોને લાડુ ખવડાવ્યા. લાખો ભક્તો જમ્યા. લાડુના અખૂટ ઢગલા પડ્યા હતા. જ્ઞાનીજનો જાણી શક્યા કે આ મનુષ્ય શરીરધારી પરમાત્માને કશું જ અશક્ય નથી. શ્રીહરિએ પોતે પોતાનું પ્રિય સ્વરૂપ પધરાવીને સાધુ, બ્રાહ્મણ સત્સંગી વગેરેને લાડુ જમાડ્યા.

●

## ધર્મકુળનો મહિમા

- ગાંગાણી જશુબેન દયાલજીભાઈ

ગુલાબની પાંખડી, માછલી કે પછી ચન્દ્રની બાજુમાં તારલો થવો છે. પણ એને લાયક તો થવું જોઈએ ! અત્યારે તો ગુરુની કંઠી બાંધી દીક્ષા દીધા પછી તેમની આજ્ઞામાં રહેવું જોઈએ. મહારાજે કહ્યું છે ને ! જો જો આ ધર્મકુળ બહુ ભોળું છે. તેને છેતરવાની કોશિશ ન કરતા. એવું મહારાજે કહ્યું છે. પણ અક્ષરધામમાં જવું હોય તો ગુરુની આજ્ઞા, ગુરુનો રાજીપો એ તો આ સત્સંગમાં દરેક સંતોને ભક્તોને રાખવો જ પડશે. નહિતર મહારાજે પ્રથમના પહેલા વચનામૃતમાં લખ્યું છે કે ધર્મકુળને આશરે રહી અમારું ભજન કરશે એ ભક્ત દિવ્ય દેહ ધારણ કરી અમારા ધામને પામશે. આ મહારાજનું વચન સંતો, ભક્તોને દરેક સત્સંગી માત્રને પાળવું પડશે. તો જ ભગવાનના ધામને પામશે. નહિતર અમારા ગામડા ગામની કહેવત છે કે ''માંડ માંડ ધબી ધબીને આરે આવ્યા છીએ તેમાંય જો એક ભરતીની ઓટ આવે'' તો આ જીવ કેતા કે આ મનુષ્ય જન્મ ક્યાંય ધૂળમાં મળી જશે. માટે આપણે ક્યાંય પણ આડા અવળું ફસાવુ ન હોય તો ગુરુના ગમતામાં રહી ભગવાન ભજવા. નહીંતર આ જીવનું શું થશે કાંઈ નક્કી નથી ? એટલે તો હવે કોઈમાં વિશ્વાસ કર્યા વગર ધર્મકુળને આશરે રહી, નરનારાયણદેવના આશરે રહી ભગવાનનું ભજન કરી લેવું. કોઈ ધ્યાન કરતા શિખવાડે, કોઈ હથેળીમાં ભગવાન બતાવે પણ કોઈનો વિશ્વાસ કરવો નહીં. જો ભગવાનના ધામને પામવું હોય તો અક્ષરધામના વર્ણનમાં લખ્યું છે કે પ્રધાન પુરુષના લોક, મહત્વપુરુષના લોક, તે ઉપર વૈકુંઠ ધામ છે. બાર જોજન ઉપર ગોલોક

ધામ છે. ગોલોક ધામથી ઉપર સાત જોજન ઉપર આપણું અક્ષરધામ છે. ત્યાં ભગવાન સ્વામિનારાયણનાં દર્શન કરવા માટે બધા ધામના મુક્તો, બધા ધામના દેવો, દરરોજ ત્રણ વાર દર્શન કરવા જાય છે. પણ ત્યાં તેને દ્વારપાળ રોકે છે. અને કહે છે. તમારી પાસે ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ છે તો જ અંદર જાવ નહિંતર નહિ જાવા દેવાય. જો મુક્તો અને દેવો માટે આ નિયમ છે તો આપણી તો શી પરીક્ષા થશે. આપણને પણ દ્વારપાળ પૂછશે કે ધર્મકુળની આજ્ઞા પાળો છો. તેના ગમતામાં કે તેના રાજીપામાં છો તોજ અહીં પ્રવેશ મળશે. નહિતર આ જીવને ક્યાંય પછાડી ફેંકી દેશે. પછી એ જીવ ક્યાં પડશે એ નક્કી નથી. માટે સત્સંગી માત્રને ગુરુની આજ્ઞામાં ને ગુરુના ગમતાંમાં રહેવું. પછી આપણા જીવનું કલ્યાણ ન બગડે. માટે નરનારાયણદેવના થઈ ધર્મકુળને આશરે રહી ભગવાન ભજી લેવા. ભગવાનના ધામને પામી મોટા સુખને પામીએ.

●

### સત્સંગથી નારાયણની પ્રાપ્તિ થાય છે

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ)

માનવ જીવનમાં સત્સંગનો મહિમા અનોખો છે.

સત્સંગ કરનાર તથા કરાવનાર બન્નેના જીવન ધન્ય બને છે ?

એક વખત નારદજી હાથમાં વીણા સાથે ફરતાં ફરતાં હિમાલયમાં મહાદેવજી પાસે આવ્યા. અને કહેવા લાગ્યાં પ્રભુ સત્સંગનો શો મહિમા છે. તે કૃપા કરીને મને બાતવો. મહાદેવજી બોલ્યા નારદજી તમારા આ પ્રશ્નનો ઉત્તર મેળવવા તમે મૃત્યુલોકમાં જાઓ ? વધુમાં મહાદેવજીએ નારદજીને કહ્યું ત્યાં જઈને તમે એક કીડાને આ પ્રશ્ન પૂછશો તો તમને તમારા પ્રશ્નનો ઉત્તર મળી જશે ? નારદજીએ મૃત્યુલોકમાં આવીને કીડાને આ પ્રશ્ન પૂછતાં જ કીડો જવાબ આપ્યા વગર જ મૃત્યુ પામ્યો ? નારદજી આથી આશ્ચર્ય ચકિત થઈ ગયા અને ફરી મહાદેવજી પાસે આવ્યા અને ઘટેલી ઘટનાની વાત કરી ? મહાદેવજી કહે હવે તમે પાછા મૃત્યુલોકમાં જઈ વાછરડાને આ પ્રશ્ન કરો? નારદજીએ પૃથ્વીલોકમાં આવીને આ પ્રશ્ન એક વાછરડાંને કરતાં વાછરડો પણ જવાબ આપ્યા વગર તરત જ મૃત્યુ પામ્યો ? નારદજી પાછા મહાદેવજી પાસે આવ્યા અને ઘટના અંગે વાત કરી ? હવે મહાદેવજીએ નારદજીને પાછા મૃત્યુલોકમાં જઈ આ પ્રશ્ન એક નવા જન્મેલ માનવ બાળને પૂછવા જણાવ્યું ?

નારદજીએ આ પ્રશ્ન એક તાજા જન્મેલ બાળને પૂછતાં તે બાળક બોલી ઉઠ્યો કે નારદજી તમે મારી મુક્તિના દાતા છો. તમે જે કીડા અને વાછરડાં ને પ્રશ્ન પૂછ્યો હતો તે હું જ હતો ? હવે મારો જન્મ માનવ બાળક સ્વરૂપમાં થયો છે ? આપના સત્સંગથી મારા આગલા જન્મના પાપો નાશ પામ્યા છે. મારી મુક્તિ થઈ, સત્સંગના મહિમાના પ્રતાપે જ મારો માનવ જીવનમાં જન્મ થયો છે. માનવ રૂપે મોટો થઈ હું સત્સંગી થઈ જીવોનો ઉદ્ધાર કરીશ. આમ નારદજીને એમના પ્રશ્નોનો ઉત્તર મળતાં જ તેઓ પરિભ્રમણમાં નીકળી પડ્યા. સત્સંગથી જ નારાયણની પ્રાપ્તિ થાય છે. તે આ કથાનો સાર છે.

અનુસંધાન પેન નં. ૨૦ પરનું

સંતો મહારાજ પાસે બેઠા હતા. એ સાંઈઠ વિમુખ થવા તૈયાર થઈ ગયા. જગ્યા બદલી વડના વૃક્ષ નીચે બેસી ગયા. અહીં ફક્ત મહારાજ અને મુક્તાનંદ સ્વામી બે જ રહ્યાં. હમણાં કહ્યું તેમ યુદ્ધને રમતમાં કાંઈ નક્કી જ ન કહેવાય. કોણ જીતે કોણ હારે. શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, 'સ્વામી, આ તો બધા જ ચાલ્યા ગયા. હવે શું કરશું ? મુક્તાનંદ સ્વામી કહે, ''તો ચાલો, મહારાજ આપણે પણ તેમની ભેગા ભળી જઈએ.''

''ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના પુત્રનું''

શ્રીજી મહારાજ સ્વયં આ વાતનો સ્વીકાર કરી સંતોની સન્મુખ ચાલ્યા. સંતોને કહ્યું, તમે જીત્યા અમે હાર્યા.'' આજ તમે અમારી કસોટીમાંથી સંપૂર્ણ સફળતાપૂર્વક ઉતિર્ણ થયા.

સંતો રાજી રાજી થઈ ગયા. સ્વામિનારાયણ ભગવાનની જય. સહજાનંદ સ્વામી મહારાજની જય. બોલાવવા લાગ્યા. આ હતી મહેમદાવાદની બીજી ઘટના. જીવનમાં ક્યારેય ભૂલાય નહી તેવી ! સંતો વિમુખ થવા તૈયાર છે. પરંતુ ધ્યાન તો મહારાજનું જ કરવાના. આ વાતનો સાર જરૂરથી વિચારજો.

''સો લાંઘણ કરી મરી જાય રે વિચારજો,
તોય કેસરી ઘાસ ન ખાય રે સાહેલી.''

ભલે સો ઉપવાસ થાય. ભૂખે મરી જાય તોય સિંહ કોઈ દિવસ ઘાસ ન ખાય. તેમ સાચા સહજાનંદ સિંહ એ તો ભજન ભક્તિ ઉપાસના ધ્યાન એ ઈષ્ટદેવ સિવાય બીજા કોઈનું કરે નહિ.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્ર. : ૧ શ્રીજી મહારાજ લોયામાં સભા કરીને બિરાજમાન હતા ત્યાં એક બાઈ મહારાજ માટે અંગરખું કઢાવીને આપ્યું અને હાથ જોડીને કહ્યું મહારાજ આ અંગરખુ ફાટે ત્યાં સુધી પહેરજો. મહારાજે તે બાઈનો આગ્રહ કેવી રીતે પુરો કર્યો ?

પ્ર. : ૨ માણસાના રાજાનું નામશું હતું ?

પ્ર. : ૩ શ્રીહરિ રિસાઈને ગઢડેથી જેતલપુર આવતા રહ્યા. બ્રહ્માનંદ સ્વામી શ્રીહરિને શોધતા જેતલપુર ગંગામાના ઘરે આવ્યા. મહારાજ અહી આવ્યા છે ? તેવો પ્રશ્ન કર્યો. ઉત્તર ''ના'' હતો. ત્યારે બ્રહ્માનંદ કવિએ ઘરના ઊંબરે ઊભા ઊભા હૃદયની ઊર્મિઓને થનગનાવતું સિતારના ઝંકાર સાથે મીઠા રાગે ઠાવકી હલકથી શું ગાવાનું શરૂ કર્યું ?

પ્ર. : ૪ ''જેતલપુર બલદેવ રેવતી હરિ કે પાસ રહાઈ રે'' - આ સુંદર કીર્તનના પદની રચના કોની છે ?

પ્ર. : ૫ વહેલાલમાં જેસંગભાઈની સેવાથી રાજી થઈ મહારાજે માંગવાનું કહ્યું ત્યારે જેસંગભાઈએ માઢ નીચેથી જે પસાર થાય તેને અક્ષરધામમાં લઈ જજો. હાલ તે વહેલાલના માઢના દરવાજા સાથે પ્રતિકૃતિરૂપે સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ક્યા નંબરના હોલમાં દર્શન આપે છે ?

પ્ર. : ૬ શ્રીજી મહારાજ સમકાલિન સમયમાં સમગ્ર સંપ્રદાયમાં સૌ પ્રથમમહંત તરીકેની નિમણુંક કોની થયેલી ?

પ્ર. : ૭ ''આ વાર્તા એકવાર કહ્યે સમજો અથવા લાખવાર કહ્યે સમજો. આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજે જ છૂટકો છે'' - કઈ વાત શ્રીજી મહારાજ સમજાવવા માગે છે અને કોના કોના નામ લઈને વાત સમજાવી છે. તે ક્યા વચનામૃતમાં છે.''

## નવેમ્બર-૨૦૧૨ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

**(૧)** જેને દ્રઢ બ્રહ્મચર્ય હોય ને સર્વ ઈન્દ્રિયો પોતાને વશ હોય તેને યતિ જાણવો. **(૨)** શિક્ષાપત્રી શ્લોક-૧૨૧. **(૩)** તેમણે સંઘની ચોકી કરી રાજી કર્યા. **(૪)** સંવત ૧૮૯૬ અષાઢ સુદ-૧૧. **(૫)** લાખણ ગામના. **(૬)** સ.ગુ. વૈષ્ણવાનંદવર્ણી અને સ.ગુ. અવિનાશાનંદવર્ણીએ. **(૭)** પ્રેમાનંદ સ્વામી.

૧. પ્રભાતસિંહ કેશરજી ડાભી (ડાંગરવા)
૨. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઊંઝા)
૩. પટેલ વિનોદભાઈ પી. (વહેલાલવાળા)
૪. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૫. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (રાણીપ)
૬. પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૭. પટેલ અલકાબેન દિનેશચંદ્ર (લુણાવાડા)
૮. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૯. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમતનગર)
૧૦. ઘરસભા બહેનો (લુણાવાડા)
૧૧. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૧૨. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (જમિયતપુરા)
૧૩. ગવૈયા ચંદ્રપ્રકાશ (માણસા)
૧૪. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૧૫. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૧૬. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૧૭. ચોકસી ઈલાબેન નરેન્દ્રકુમાર (દરિયાપુર વાડીગામ)
૧૮. પટેલ જોશનાબેન રાજુભાઈ (આનંદપુરા)
૧૯. શ્રી નરનારાયણદેવ બાલ મંડળ (પંચવટી-કલોલ)
૨૦. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૨૧. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૨૨. સાં.યો. કોકિલાબા-ઉષાબા (સુરેન્દ્રનગર)
૨૩. ખંધેડીયા ભાવનાબેન કલમેશકુમાર (મોરબી)
૨૪. શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું (જુનું) (મોરબી)
૨૫. સાં.યો. ભારતીબા તથા મંજુબા (કાલુપુર મંદિર હવેલી)
૨૬. સાં.યો. શિલ્પાબા તથા શીતલબા (કાલુપુર મંદિર હવેલી)
૨૭. સાં.યો. કંચનબા, હીરાબા (સ્વા. મંદિર ધ્રાંગધ્રા)
૨૮. ભાવસાર વીણાબેન રતિલાલ (અમદાવાદ)
૨૯. ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૩૦. પટેલ ટીના (નારણપુરા)
૩૧. સાં.યો. રંજનબા તથા નાનીબેન (સ્વા. મંદિર બહેનોનું વિરાટનગર ઓઢવ)
૩૨. પંચાલ વંદના (નારણપુરા)
૩૩. ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૩૪. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૩૫. ટીંબડીયા ચિંતન આર. (એપ્રોચ-બાપુનગર)
૩૬. ઓચ્છવ મંડળ (શ્રી સ્વા. મંદિર એપ્રોચ-બાપુનગર)
૩૭. પટેલ લાલભાઈ એમ. (ગાંધીનગર)
૩૮. ભોરણીયા નથુભાઈ ભગવાનજી (ધૂંટું)
૩૯. વિઠ્ઠલાપરા અમરશીભાઈ વી. (નવસારી)
૪૦. પટેલ રંજનબેન મફતલાલ, પટેલ સુભદ્રાબેન (કુંડાળ)
૪૧. કા. હાર્દિક ઘનશ્યામભાઈ (લુણાવાડા)
૪૨. કુસુમબેન નારણભાઈ (વડુ)
૪૩. રાજન અને કેવિન (બાલવા)
૪૪. કંચનબેન બી. અડાલજા (રતનપર)
૪૫. ભાવસાર પલ્લવીબેન અને શકરીબેન (લાંઘણજ)
૪૬. ભાવસાર વસંતીબા અને ડઈબા (લાંઘણજ)
૪૭. પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)

# સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં દીપોત્સવીના ઉત્સવોની ઉજવણી**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના પરમ પવિત્ર સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી અને પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી અને કોઠારી પાર્ષદ દિગંબર ભગતની પ્રેરણા માર્ગદર્શનથી દીપોત્સવીના સમગ્ર કાર્યક્રમ ખૂબજ ધામધૂમથી ઉજવાયા હતા.

તા. ૧૨-૧૧-૨૦૧૨ સોમવારના રોજ કાળી ચૌદશ નિમિત્તે શ્રી હનુમાનજીનું પૂજન અર્ચન સાંજે ૬-૩૦ કલાકે પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત થયું હતું. હનુમાનજી મહારાજ એ ધર્મકુળના કુળ દેવતા છે. બન્ને પૂજારી પાર્ષદ બાબુ ભગત અને પાર્ષદ મહાદેવ ભગતે આ પ્રસંગે સુંદર સજાવટ કરીને દાદાને રાજી કર્યા હતા.

તા. ૧૩-૧૧-૧૨ દિવાળીના શુભ દિને સાંજે ૬-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે સમૂહ શારદાપૂજન મંદિરના ગોર દ્વારા પૂજન વિધિ વિધિવત રીતે થઈ હતી. જેમાં હજારો વહેપારી હરિભક્તોએ ભારતીય સંસ્કૃતિની પરંપરાને જાળવી રાખતા આજના આધુનિક ટેકનિકલ યુગમાં પણ ચોપડાનું ચલણ ચાલુ રાખીને પૂજનમાં બેસી મહા લાભ લઈ સંપ્રદાયના શ્રેષ્ઠ ગ્રંથ શિક્ષાપત્રી મુજબ પોતાનો ચોખ્ખો વહેવાર રહે તે માટે અહીંયા પૂજનનો વિશેષ આગ્રહ રાખે છે. સતત ૨ કલાક સુધી સંસ્કૃતના શ્લોકોના ગાન સાથે પૂજન અવિરત ચાલુ રહ્યું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સમસ્ત પૂજનમાં લાભ લેનાર હરિભક્તોને નૂતન વર્ષના આશીર્વાદ સાથે તેમના ધંધાની ઉત્તરોત્તર પ્રગતિ માટે અંતઃકરણપૂર્વકના આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૧૪-૧૧-૧૨ બુધવાર સંવત ૨૦૬૯ નૂતન વર્ષના સુમંગલ પ્રભાતે ૫-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવની મંગળા આરતી ૬-૩૦ કલાકે શણગાર આરતી અને ૧૨-૦૦ વાગ્યે અન્નકૂટ આરતી શ્રીહરિના ૬ઠ્ઠા, ૭માં અને ૮માં વંશજના વરદ્ હસ્તે થઈ હતી. જેમાં દર્શન સાંજના ૫-૦૦ વાગ્યા સુધી શહેરના હરિભક્તોએ કરીને જીવનનો મહા અમૂલ્ય લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું. સમગ્ર દીપોત્સવી પ્રસંગમાં કોઠારી પાર્ષદ દિગંબર ભગતની પ્રેરણા-માર્ગદર્શનથી સ.ગુ. સ્વામી હરિચરણદાસજી, બ્ર.પૂ. રાજેશ્વરાનંદજી, જે.પી. સ્વામી, ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી, કોઠારી જે.કે. સ્વામી, યોગી સ્વામી, પુરાણી સ્વા. વિશ્વવિહારીદાસજી, નટુ સ્વામી, ભક્તિ સ્વામી અને રામ સ્વામી, ચેતન ભગત અને હરિભક્તો આદિ સૌએ ખડે પગે સેવા બજાવી હતી.

(શા.સ્વા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં રંગ મહોલ શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ એવં વનવિચરણ પંચાન્હ પારાયણ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ આશીર્વાદથી તેમજ પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા બ્ર. પૂ. રાજેશ્વરાનંદજીની પ્રેરણાથી પ.ભ. કરશનભાઈ મનજીભાઈ હિરાણી ધ.પ. અમરબાઈ, પુત્ર કલ્યાણભાઈ, રવજીભાઈ, લાલજીભાઈ અને પ્રેમજીભાઈ આદિ હિરાણી પરિવાર (રામપર-વેકરા (કચ્છ) ગાંધીધામ) તરફથી તા. ૨૩-૧૧-૧૨ થી ૨૭-૧૧-૧૨ પર્યન્ત શ્રીહરિ વનવિચરણ પંચાન્હ પારાયણ સ.ગુ. પુરાણી સ્વામી વિશ્વવિહારીદાસજી ગુરુ સ.ગુ.શા. સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંતશ્રી અમદાવાદ)ના વક્તાપદે સુમધુર સંગીતના તાલે થઈ હતી. યજમાન પરિવારના ૪૦ જેટલા ભાઈઓ અને બહેનોએ અને સ્થાનિક હરિભક્તોએ કથા શ્રવણ કરીને ધન્ય બન્યા હતા. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને તેઓશ્રીના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિ બાદ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા હતા. સમગ્ર પ્રસંગમાં કોઠારી પાર્ષદ દિગંબર ભગત, જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, યોગી સ્વામી, નટુ સ્વામી આદિ સંત મંડળે સુંદર સેવા બજાવી હતી.

સહિંતા પાઠમાં સ.ગુ. પુરાણી સ્વામી ધર્મજીવનદાસજી બિરાજયા હતા. સભા સંચાલન શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીએ કર્યું હતું.

<u>રંગ મહોલ શ્રી ઘનશ્યામ મહારાજનો ૧૨૭ મો વાર્ષિક પાટોત્સવ</u> કારતક સુદ-૧૨ ને તા. ૨૫-૧૧-૧૨ ને રવિવારના ૬-૩૦ થી ૭-૦૦ કલાકે પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે રંગમહોલમાં બિરાજમાન ઉપાસ્ય ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી ઘનશ્યામ મહારાજનો ૧૨૭ મો વાર્ષિક પાટોત્સવ અભિષેક ષોડશોપચાર પૂર્વક વિધિવત રીતે સંપન્ન થયો હતો.

સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા પૂ. બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજીની પ્રેરણાથી આ પ્રસંગના યજમાન પ.ભ. કરશનભાઈ મનજીભાઈ હિરાણી પરિવારે (રામપર-વેકરા - હાલ ગાંધીધામ-કચ્છ) એ મહા લાભ લઈ પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ મેળવી ધન્ય ધન્ય બન્યા હતા. આ

પ્રસંગે જે.પી. સ્વામી અને પૂજારી રામ સ્વામીએ સુંદર સેવા કરી હતી. (શા.સ્વામી. નારાયણમુનિદાસજી, પ.ભ. કલ્યાણભાઈ હિરાણી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ખાતે શરદોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા નારાયણઘાટ મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ નારાયણઘાટના સર્વે હરિભક્તોના સાથ સહકારથી તા. ૨૮-૧૦-૧૨ ને રવિવારના રોજ નારણઘાટ મંદિરમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં હજારો હરિભક્તોએ શરદોત્સવમાં રાસ રમીને અલૌકિક લાભ લીધો હતો. આ પ્રસંગના મુખ્ય યજમાન પ.ભ. દશરથભાઈ અંબાલાલભાઈ પટેલ હ. સંજય તથા પૂરવ (ચાંદખેડા) રહ્યાં હતા. કલાકાર પૂરવ પટેલ અને મયંક મોદીએ રાસ ગરબા ગાઈને સૌને આનંદિત કર્યા હતા. સંતો અને હરિભક્તો મોટી સંખ્યામાં રાસમાં જોડાયા હતા.

રાસ ગરબામાં શ્રેષ્ઠ ૩ ભક્તોને પૂ. મહંત શા.સ્વામી હરિકૃષ્ણદાસજીના હસ્તે સન્માન કરવામાં આવેલ. છેલ્લે મોટી સંખ્યામાં સમૂહ આરતી અને હજારો ભક્તોએ દુધ પૌંવાનો પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. સમગ્ર ઉત્સવમાં બાલુ સ્વામી, અભય સ્વામી, વ્રજ સ્વામી, ભાનુ સ્વામી અને દિવ્યપ્રકાશ સ્વામી અને યુવક મંડળ નારાયણઘાટની સેવા પ્રેરણારૂપ હતી. (શા. ચૈતન્યસ્વરૂપદાસજી)

**ઈશ્વરપુરા (બદપુરા) ગામે ત્રિદિનાત્મક ભક્ત આખ્યાન પારાયણ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી અને સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી (નારાયણઘાટ મંદિર મહંતશ્રી)ની પ્રેરણાથી ઈશ્વરપુરાના પ.ભ. અભુભાઈ મોવતાભાઈ ચૌધરી તથા નાથીબેન અભુભાઈના શુભ સંકલ્પથી તેમના પુત્ર ભરતભાઈ ચૌધરી તરફથી શ્રીહરિ પ્રસન્નાર્થે તા. ૯-૧૧-૧૨ થી તા. ૧૧-૧૧-૧૨ પર્યન્ત ત્રિદિનાત્મક ભક્ત આખ્યાન કથા સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના વક્તાપદે સંગીતના સુમધુર તાલે થઈ હતી.

પૂર્ણાહુતિ પ્રસંગે તા. ૧૧-૧૧-૧૨ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા અને પ્રાસંગિક સભામાં મહંત સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી, શા.પી.પી. સ્વામી આદિ સંતોએ પોતાની ભાવના વ્યક્ત કરીને યજમાન પરિવારની સેવાને બિરદાવી હતી. અન્ય સંતોમાં સ.ગુ. ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, સ.ગુ. સ્વામી જયપ્રકાશદાસજી, શા.સ્વામી અભયપ્રકાશદાસજી, શા. વ્રજભૂષણદાસજી, શા. દિવ્યપ્રકાશદાસજી અને સ્વા. માધવપ્રિયદાસજી પણ પધાર્યા હતા. યજમાન પરિવારને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા અને ખૂબજ રાજી થયા હતા.

સભા સંચાલન સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ સુંદર રીતે શોભાવ્યું હતું. (કોઠારીશ્રી બદપુરા)

**એપ્રોચ (બાપુનગર) મંદિરમાં શરદોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવમ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી મંદિરની બહાર રોડ ઉપર હરિભક્તોએ ઠાકોરજીની મૂર્તિ પધરાવીને નંદ સંતો રચિત કીર્તનો સાથે રાસ રમીને શરદોત્સવ મનાવ્યો હતો.

અમદાવાદ મંદિરથી ગવૈયા સંત સ્વા. હરિજીવનદાસ અને બળદેવ સ્વામીએ સુંદર રાગ-ઢાળમાં કીર્તન ગાયા હતા. છેલ્લે સૌને દુધ પૌંવાનો પ્રસાદ આપવામાં આવેલ.

હર્ષદ કોલોની મંદિરમાં પ.ભ. દાસભાઈની પ્રેરણાથી શરદોત્સવ ઉજવાયો હતો. તા. ૨૦-૧૦-૧૨ ના રોજ સવારમાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના મૌન મંદિરમાં શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીની શુભ નિશ્રામાં હર્ષદ કોલોની મંદિરના બહેનોએ મહાપૂજા કરીને શ્રી નરનારાયણદેવના અભિષેકનો લાભ લીધો હતો. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીએ પધારીને શ્રી નરનારાયણદેવની આરતી ઉતારી હતી.

<u>એપ્રોચ મંદિરથી ટોરડા મંદિર દેવના દર્શનાર્થે પદયાત્રા</u>

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બાપુનગરના આયોજનથી તા. ૧૬-૧૧-૧૨ના રોજ પ્રાતઃ બાલ સ્વરૂપશ્રી ઘનશ્યામ મહારાજના દર્શન કરી ૧૬૦ જેટલા હરિભક્તો ટોરડાધામ પદયાત્રાના દર્શન કરવા પ્રયાણ કર્યું હતું. પ્રાંતિજ અને હિંમતનગર મંદિર દર્શન કરી તા. ૧૯-૧૧-૧૨ ના ટોરડા શ્રી ગોપાળ લાલજીના દર્શન કર્યા હતા. (ગોરધનભાઈ સીતાપરા)

**ટ્રેન્ટ ગામને આંગણે જીવત ચર્ચા પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી તથા જેતલપુરધામના સ.ગુ. મહંત સ્વામી આત્મપ્રકાશદાસજીની શુભ પ્રેરણાથી ટ્રેન્ટ ગામે તા. ૨૦-૧૧-૧૨ના રોજ ગં.સ્વ. રૂક્ષ્મણીબેન

મણીલાલભાઈ પટેલની જીવત ચર્યા પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંત-મંડળ સાથે આશીર્વાદ આપવા પધાર્યા હતા. સમસ્ત રૂક્ષ્મણીબાના પરિવાર અને ગ્રામજનો દ્વારા પ.પૂ. મોટા મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સભામાં યજમાન પરિવારના સુપુત્રો પ.ભ. કાંતિભાઈ મણીલાલભાઈ પટેલ અને તેમના સમસ્ત પરિવારે પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન અર્ચન આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા. ધામોધામના ૫૦ જેટલા પૂજ્યનીય સંતોએ પધારીને પરિવારજનોને આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ સંતોએ અને મહેમાન હરિભક્તોએ પ્રસાદ લઈ ધન્ય ધન્ય બન્યા હતા.

(શા. ભક્તિનંદનદાસજી)

**દેલવાડા ગામે જીવતચર્યા પ્રસંગ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા જેતલપુરધામના પૂ. સ.ગુ. શા.સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી અત્રે ગામના પ.ભ. કાંતિભાઈ તથા તેમના ધર્મપત્ની પુષ્પાબેનનો જીવન અમૃત પર્વ પ્રસંગ તા. ૧૭-૧૧-૧૨ના રોજ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી આશીર્વાદ આપવા પધાર્યા ત્યારે ભવ્ય શોભાયાત્રા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રાસંગિક સભામાં યજમાન પરિવારના સુપુત્રો શ્રી વિજયભાઈ, શ્રી ભરતભાઈ આદિ પરિવારે પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારીને આશીર્વાદ મેળવ્યા હતા. સભામાં સ.ગુ. મહંત શા.સ્વામી આત્મપ્રકાશદાસજી અને શા. ઘનશ્યામ સ્વામીએ ઉદ્‌બોધન કર્યું હતું. છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ યજમાન પરિવારને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સૌએ ભોજન પ્રસાદ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું. (શા. ભક્તિનંદનદાસજી)

**નડીયાદમાં કચ્છી હરિભક્તોને ત્યાં પ.પૂ. મોટા મહારાજશ્રીની પધરામણી**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદથી તેમજ જેતલપુરધામના મહંત સ્વામી સ.ગુ. શા.સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીની શુભ પ્રેરણાથી મૂળ દોલતપર (કચ્છ)ના વતની હાલ નડીયાદ વસતા પ.ભ. કાનજીભાઈ હિરજીભાઈ વેલાણીના નવા નિવાસ સ્થાનમાં તા. ૨૩-૧૧-૧૨ ના રોજ તેમના આગ્રહભર્યા આમંત્રણને માન આપી પ.પૂ. મોટા મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા. ૫૦ જેટલા બાઈક સ્વારો દ્વારા શોભાયાત્રા કાઢીને પ.પૂ. મોટા મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું હતું. ત્યારબાદ તેમના નૂતન નિવાસમાં યજ્ઞમાં શ્રીફળ હોમીને યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી. યજમાન પરિવારે પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન, અર્ચન કરી આરતી ઉતારી હતી. યજમાનશ્રીના પુત્રો, રજનીકાંત અને રોનકભાઈએ સંતોનું પૂજન કર્યું હતું. પ્રાસંગિક સભામાં પૂ.શા. સ્વામી આત્મપ્રકાશદાસજી અને વયોવૃદ્ધ સંત શા.સ્વા. ભક્તિવલ્લભદાસજીએ સુંદર ઉદ્‌બોધન કર્યું હતું. છેલ્લે યજમાન પરિવારને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવી રાજી થયા હતા. (શા. ભક્તિનંદનદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા મહંત સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી પવિત્ર શ્રાધ્ધપક્ષમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા જુદાં જુદાં હરિભક્તોના ઘરે ધૂન-ભજન કથા-વાર્તાનું સુંદર આયોજન કર્યું હતું. જેમાં શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસ, મુક્તસ્વરૂપદાસ, હરિપ્રસાદ સ્વામી અને માજી મહંત ભાનુપ્રસાદદાસજી આદિ સંતો પણ કથા વાર્તાનો લાભ આપતા હતા. સભામાં સ્મતિરૂપે મૂર્તિ ભેટ અપાઈ હતી.

**કાંકરિયા મંદિરમાં શ્રીહરિ મહિલા મંડળ દ્વારા ધૂન ભજન**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રીહરિ મહિલા મંડળ દ્વારા શ્રાધ્ધ પક્ષમાં અત્રે મંદિરમાં સર્વે બહેનોએ સમૂહમાં બપોરે ૩-૩૦ થી ૫-૩૦ સુધી કીર્તન ભક્તિ આદિ કરીને શ્રીહરિનો રાજીપો મેળવ્યો હતો.

**કાંકરિયામાં શરદોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા મહંત સ્વામી આનંદપ્રસાદદાસજીની પ્રેરણાથી આસો સુદ-૧૫ શરદ પૂર્ણિમાના શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળ એવમ્ ભાઈ-બહેનોએ સાથે મળી રાસ રમ્યા હતા અને ઓચ્છવ મંડળે ઠાકોરજી સમક્ષ સુંદર ઓચ્છવ કર્યો હતો. સૌને દૂધ પૌંવાનો પ્રસાદ આપવામાં આવેલ. આ પ્રસંગમાં નરોત્તમ ભગત અને નીરૂભાઈ આદિએ સુંદર સેવા બજાવી હતી. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, કાંકરિયા, ગૌરાંગભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ડેમાઈ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ડેમાઈના સંપૂર્ણ પ્રયાસથી શરદ પૂર્ણિમાના શરદોત્સવનું સુંદર આયોજન કર્યું હતું. આ પ્રસંગે અમદાવાદથી શા.સ્વા. આનંદજીવનદાસજી (હરિદ્વાર) શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી, સ્વા. વિષ્ણુપ્રસાદદાસજી, સ્વા.

સુખનંદનદાસ અને સ્વામી માધવપ્રસાદદાસજી આદિ સંત મંડળ તથા શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ગામના અને આજુબાજુના ગામના હરિભક્તોએ રાસોત્સવ રમીને મહા આરતી ઉતારીને પ્રસાદ આપવામાં આવેલ. યુવક મંડળે સુંદર સેવા બજાવી હતી. (કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત શા. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીની પ્રેરણાથી નૂતન વર્ષના ઠાકોરજી સમક્ષ અન્નકૂટ ધરાવવામાં આવેલ. ઉત્સવ મંડળે સુંદર ઉત્સવ કર્યો હતો. અન્નકૂટના યજમાન શેઠશ્રી નારણભાઈ તથા બાલવાના ચૌધરી અલ્કેશભાઈ તથા નારણભાઈ રહ્યા હતા. માણસા અને આજુબાજુના ગામના હરિભક્તોએ અન્નકૂટના દર્શન કરી ધન્ય બન્યા હતા. પૂજારી ભક્તિ સ્વામી આદિ સંત મંડળે સુંદર સેવા કરી હતી. (ગવૈયા ચંદ્રપ્રકાશદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નાંદોલ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર નાંદોલમાં ઠાકોરજી સમક્ષ નૂતન વર્ષના અન્નકૂટોત્સવના ઘણા હરિભક્તોએ દર્શન કરી ધન્ય બન્યા હતા. શ્રી નંદુભાઈ અને જીતુભાઈએ યજમાન બની લાભ લીધો હતો. મંદિરને સુંદર રોશનીથી શણગાર્યું હતું. હરિભક્તોએ ઘરેથી વિવિધ વાનગી બનાવીને સેવાનો લાભ લીધો હતો. (કોઠારી વિષ્ણુભાઈ)

**આમજામાં ત્રીજી સત્સંગ સભા**

સર્વોપરિ શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પ્રસાદીભૂત આમજા ગામે તા. ૩-૧૦-૧૨ ના રોજ ત્રીજી દિવ્ય સત્સંગ સભા યોજવામાં આવી હતી. જેમાં બાલવા, વિસનગર, નાદરી, ચાંદીસણા, રામપુરા, પ્રતાપપુરા, લિંબોદરા અને માણેકપુર ગામના હરિભક્તોએ લાભ લીધો હતો. આ પ્રસંગે જેતલપુરથી સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી એ સંત મંડળ સાથે પધારીને આશીર્વાદ પાઠવ્યા હતા. સભાના યજમાન પ.ભ. ગોવિંદભાઈ ચૌધરી રહ્યા હતા. જેમનું સન્માન કરી અત્રે મંદિર નિર્માણ કરવાનો સંકલ્પ કર્યો હતો. શા.સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કાંકરિયા) સાધુ મુક્તસ્વરૂપદાસજી (મૂળી) અને બાલવા અને આમજા ગામના હરિભક્તોએ સભાનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે જેતલપુરથી શા.સ્વા. ભક્તિનંદનદાસજી, શા. હરિપ્રસાદદાસજી અને માણસાના સંતો પધાર્યા હતા. બાલવા અને વિસનગરના ભક્તજનોએ ધૂન કીર્તન ભક્તિનો આનંદ કરાવ્યો હતો. વિસનગરથી પધારેલા પ.ભ. ઉદયનભાઈ મહારાજાએ સભા સંબોધન કર્યું હતું.

(શ્રી ન.ના.દેવ યુવક મંડળ, બાલવા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધરિયાવદ (રાજ.)**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને મહંત બ્ર. સ્વા. વાસુદેવાનંદજીની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ધરિયાવદમાં નૂતન વર્ષના ભવ્ય અન્નકૂટ ઠાકોરજી સમક્ષ ધરાવી ભગવાન સમક્ષ ધૂન, ભજન કીર્તન કથા આદિ હરિભક્તોએ કરી ધન્યતા અનુભવી હતી. ત્યાંના દૈનિક ભાસ્કરે આ પ્રસંગનું સુંદર ફોટા સાથે કવરેજ કર્યું હતું.

(કોઠારીશ્રી)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર રતનપર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી નરનારાયણદાસજીની પ્રેરણાથી વિજ્યા દશમીના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૦ મો પ્રાક્ટ્યોત્સવ ધામધૂમથી હરિભક્તોએ ઉજવ્યો હતો. અને શરદોત્સવ પણ ધૂન-ભજન કીર્તન અને રાસ રમીને ઉજવ્યો હતો. કાળુ ભગતે સુંદર આયોજન કર્યું હતું. (બી.આર. પટેલ)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર ડિટ્રોઈટ**

સર્વોપરિ શ્રીજી મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ્વામી યોગીચરણદાસજી અને પૂજારી સર્વેશ્વરદાસજીની પ્રેરણાથી આપણા આઈ.એસ.એસ.ઓ. શ્રી સ્વામિનારાયણ મંદિર ડિટ્રોઈટ ખાતે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૪૦ મો પ્રાક્ટ્યોત્સવ હરિભક્તોએ ધામધૂમથી ઉજવ્યો હતો. પ્રેસિડેન્ટ ડૉ. અરવિંદભાઈ પટેલ અને સૌ હરિભક્તોએ સુંદર સેવાનો લાભ લીધો હતો. આ ઉપરાંત નવરાત્રી, શરદોત્સવ અને દિવાળીના ધન તેરસ, લક્ષ્મીપૂજન, કાળી ચૌદશના મારૂતિ પૂજન, ઉજવેલ. ઠાકોરજીને નૂતન વર્ષના અન્નકૂટ દર્શન ધામધૂમથી કરાવ્યા હતા. નવા વર્ષમાં તુલસી વિવાહનું પણ સુંદર આયોજન કર્યું હતું. તમામ ઉત્સવના આપણી વેબ સાઈટ પર દર્શન કરાવ્યા હતા. (રિંકુ પટેલ)

**વોશિંગ્ટન ડી.સી. આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઓકટોબર માસની ૬, ૧૩, ૨૦ અને ૨૭ તારીખે (શનિવારે / સત્સંગ સભા થઈ હતી. ૧૧ અને ૨૫ તારીખે એકાદશી નિમિત્તે સત્સંગ કરવામાં આવેલ.

સભામાં ધૂન-ભજન કીર્તન, શિક્ષાપત્રી જનમંગલ નામાવલિ, થાળ, આરતી અને નિત્ય નિયમ કરવામાં આવેલ. ૧૯ અને ૨૦ તારીખે કોલોનીયાથી ડી.કે. સ્વામીએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. સંપ્રદાયની મર્યાદા મુજબ રાસ, ગરબા થયા હતા. અને ૨૦ મીના બપોરના સમૂહ મહાપૂજા સ્વામીએ કરાવી હતી. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૦ મો પ્રાકટ્યોત્સવ અને ગાદી અભિષેક ઉત્સવ ઉજવ્યો હતો. જેમાં પ.પૂ. મહારાજશ્રીની તસવીરનું પૂજન સૌ હરિભક્તો દ્વારા કરવામાં આવેલ. કેક કાપીને જન્મોત્સવ મનાવ્યો હતો. સ્વામીએ આ પ્રસંગે ધર્મકુળ મહિમા કહ્યો હતો. દરેક હરિભક્તોને અમદાવાદ મંદિરમાં ઉજવાયેલ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૦માં પ્રાકટ્યોત્સવ પ્રસંગ વીડીયો લેપટોપથી સ્ક્રીન ઉપર બતાવવામાં આવી હતી. શરદોત્સવ પણ ધામધૂમથી ઉજવ્યો હતો. (કનુભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શિકાગોમાં સત્સંગ દિન પ્રતિદિન ખૂબજ વૃધ્ધિ પામતો જાય છે. ગત વિજ્યા દશમીના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૦ મો પ્રાકટ્યોત્સવ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યોએ કેક કાપી આરતી ઉતારીને ધામધૂમથી ઉજવ્યો હતો.

કાળી ચૌદશના શ્રી હનુમાનજીનું પૂજન, નૂતન વર્ષના ૧૩ નવેમ્બરના ઠાકોરજી સમક્ષ મંગળા આરતીથી શયન આરતીના દર્શન, ભજન, કીર્તન કથા અને અન્નકૂટ આદિ વિધિવત થયા હતા. પ્રમુખશ્રી જગદીશભાઈ પટેલે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો નૂતન વર્ષનો આશીર્વાદ પત્ર સભામાં વંચાવ્યો હતો. જે સાંભળી હરિભક્તોને નવું બળ અને પ્રેરણા મળી. અત્રેના સ્વામી નિલકંઠપ્રસાદદાસજી અને સ્વામી શાંતિપ્રકાશદાસજીએ નૂતન વર્ષમાં સૌને સત્સંગમાં સંપથી રહી નિયમ, નિશ્ચય અને પક્ષનો ખટકો રાખી ધર્મકુળની આજ્ઞામાં રહેવા ખાસ ભલામણ કરી હતી. કિચનના સભ્યો દ્વારા મહાપ્રસાદની આખા દિવસ માટે સારી વ્યવસ્થા કરી હતી. આખો દિવસ મંદિર દર્શનાર્થીઓની ભીડથી ભરચક રહ્યું હતું. (વસંત ત્રિવેદી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં પ.પૂ. મહારાજશ્રીનો ૪૦ મો પ્રાકટ્યોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં ૨૮ ઓકટોબર શનિવારના સાંજના ૫ થી ૮ દરમ્યાન મહંત સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી અને ધર્મકિશોરદાસજીની ઉપસ્થિતિમાં હજારો હરિભક્તોએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૦ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવ્યો. આ પ્રસંગે મંદિરને સુંદર સુશોભન કરી શણગાર્યું હતું. ઠાકોરજીનું સિંહાસન પણ રોશનીથી સુંદર શણગાર્યું હતું. શા. ધર્મકિશોરદાસજીએ ધર્મકુળનો મહિમા સુંદર રીતે કહ્યો હતો. સભામાં પ.પૂ. મહારાજશ્રીની તસવીરનું પૂજન અર્ચન સંતો અને હરિભક્તોએ કરીને ધર્મકુળની જય બોલાવી હતી. નાના બાળકો દ્વારા કેક કટીંગ કરી જન્મોત્સવ મનાવ્યો હતો. સંતો દ્વારા આજના પ્રસંગના યજમાન પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું. (પ્રવિણ શાહ)

**ન્યુયોર્કમાં પ.પૂ. મહારાજશ્રીનો ૪૦ મો પ્રાકટ્યોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુયોર્ક ચેપ્ટર દ્વારા ટ્રાઈસ્ટેટમાંથી સૌ હરિભક્તો મળીને ન્યુયોર્કના હિન્દુ મંદિરના કોમ્યુનિટી સેન્ટરમાં શા.સ્વા. ધર્મકિશોરદાસજી અને હજારો હરિભક્તોએ સાથે મળીને પ.પૂ. મહારાજશ્રીના ૪૦ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે સભામાં પ્રથમ ધૂન, ભજન કીર્તન કરીને પ.પૂ. મહારાજશ્રીની તસવીરનું પૂજન અર્ચન કરીને બાળકો દ્વારા કેક કાપીને પ્રાકટ્યોત્સવની ભવ્ય ઉજવણી કરી હતી. સ્વામીએ પ.પૂ. મહારાજશ્રીની અનેક વિધ સત્સંગની પ્રવૃત્તિ વિશે સૌને માહિતગાર કરીને ધર્મકુળ માહાત્મ્ય કહ્યું હતું. છેલ્લે ઠાકોરજીને થાળ આરતી કરી પ્રસાદ આપવામાં આવેલ.

(શાહ પ્રવિણભાઈ)

**નોર્થ કેરોલીનામાં પ.પૂ. મહારાજશ્રીના ૪૦ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી નોર્થ કેરોલીના ખાતે કોમ્યુનિટી સેન્ટરના હોલમાં ૨૧ ઓકટોબર વિજયા દશમીના પ.પૂ. મહારાજશ્રીના ૪૦ મા પ્રાકટ્યોત્સવની ભવ્ય ઉજવણી શા.ધર્મકિશોરદાસજીની ઉપસ્થિતિમાં હરિભક્તો દ્વારા કરવામાં આવી હતી.

સ્વામીએ સુંદર કથામાં ધર્મવંશીનું માહાત્મ્ય કહ્યું હતું. આ પ્રસંગમાં કીર્તિકાંતભાઈ, વિષ્ણુભાઈ, સુહાસભાઈ, નિલેશભાઈ, આશિષેભાઈ અને કેતનભાઈએ યજમાન બની લાભ લીધો હતો. પ.પૂ. મહારાજશ્રીની તસવીરનું પૂજન અર્ચન કરી બાળકો દ્વારા કેક કાપીને પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો. છેલ્લે ઠાકોરજીને થાળ આરતી અને નિત્ય નિયમ કરી સૌને પ્રસાદ જમાડવામાં આવેલ. (કેતનભાઈ)

વ્રત ઉત્સવના નવા નિર્ણય છપાવાના છે તેમાં જે તે મંદિરના પાટોત્સવ - ફોન અને આપણા શ્રી નરનારાયણદેવ તાબાના ગુરુકુલોના પણ ફોન નંબર બદલાયેલા હોય તો અમદાવાદ મંદિરમાં કોઠારી ઓફિસમાં વહેલાસર જણાવી દેશો.

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| બી.ભાદરવા સુદ-૨ | અમિતકુમાર એમ. ઠક્કર (મોહનથાળ) | ભુજ |
| બી.ભાદરવા સુદ-૨ | અ.નિ. મણીલાલ જાદવજીભાઈ (મોહનથાળ) (હ. બ્ર. રાજુ સ્વામી, જયંતિભાઈ) | અમદાવાદ |
| બી.ભાદરવા સુદ-૨ | ધીરૂભાઈ સવજીભાઈ વેકરીયા (મોહનથાળ) | બાપુનગર |
| બી.ભાદરવા સુદ-૨ | મનુભાઈ સી. પટેલ તથા મધુબેન એમ. પટેલ (બુંદીના લાડુ) | ઈસનપુર |
| બી.ભાદરવા સુદ-૩ | કમળાબેન જેઠાભાઈ પટેલ (મોહનથાળ) (હ. ધર્મસ્વરૂપ સ્વામી, ગીરધરભાઈ) | સલાલ |
| બી.ભાદરવા સુદ-૪ | વાસુદેવભાઈ ગજ્જર (ચુરમાના લાડુ) (હ. બ્ર. રાજુ સ્વામી) | અમદાવાદ |
| બી.ભાદરવા સુદ-૬ | અ.નિ. કિરીટભાઈ બાબુભાઈ ગોસલીયા (બુંદીના લાડુ) (હ. સારવ કિરીટભાઈ) | અમદાવાદ |
| બી.ભાદરવા સુદ-૬ | અ.નિ. હિરાબેન નાથાલાલ પટેલ (ચુરમાના લાડુ) (બળદેવભાઈ) | અમદાવાદ |
| બી.ભાદરવા સુદ-૬ | વિરજીભાઈ હરદાસભાઈ દેસાઈ (ચુરમાના લાડુ) (રણછોડભાઈ) | અમદાવાદ |
| બી.ભાદરવા સુદ-૮ | ઘનશ્યામભાઈ મણીલાલ પટેલ (યશ) (ઠા. મગસ) (હ. જે.પી. સ્વામી) | પોર |
| બી.ભાદરવા સુદ-૮ | પટેલ વિષ્ણુભાઈ શંકરદાસ (ટોપરાપાક-મગસ) | મોખાસણ |
| બી.ભાદરવા સુદ-૮ | રમેશભાઈ છીતાભાઈ પટેલ (મોહનથાળ) | અમદાવાદ |
| બી.ભાદરવા સુદ-૮ | આત્મારામભાઈ લાલદાસ પટેલ (મગસ) | અમદાવાદ |
| બી.ભાદરવા સુદ-૮ | રવુભા ગોવુભા વાઘેલા (ચુરમાના લાડુ) (હ. શ્રીજી સ્વામી, હાથીજણ) | સાણંદ |
| બી.ભાદરવા સુદ-૮ | સોની જીતુભાઈ (સદ્‌ગુરુ કેટર્સ) (મોહનથાળ) | ઈડર |
| બી.ભાદરવા સુદ-૮ | જયંતિભાઈ પલાભાઈ પટેલ (મગસ) | અમદાવાદ |
| બી.ભાદરવા સુદ-૮ | કાન્તિભાઈ રામદાસ પટેલ તથા મંજુલાબેન બાબુલાલ પટેલ (મોહનથાળ) | વડુ |
| બી.ભાદરવા સુદ-૧૨ | ઓચ્છવીયા મંડળ (દૂધપાકપુરી) | અમદાવાદ |
| બી.ભાદરવા સુદ-૧૨ | અ.નિ. જ્યોત્સનાબેન રાવજીભાઈ પટેલ (મૈસુબ) (હ. દિનાબેન પટેલ) | અમદાવાદ |
| બી.ભાદરવા સુદ-૧૨ | જસ્મિન હર્ષદભાઈ પટેલ (જલેબી) (હ. દિબંગર ભગત) | કનીપુર-દહેગામ |
| બી.ભાદરવા સુદ-૧૨ | કલ્પેશ અરજણભાઈ વઘાસીયા (મૈસુબ) | થલતેજ |
| બી.ભાદરવા સુદ-૧૪ | સુરેશભાઈ રમણભાઈ (બુંદીના લાડુ) (હ. ધર્મસ્વરૂપ સ્વામી, ઉમંગભાઈ) | આંત્રોલી |
| બી.ભાદરવા સુદ-૧૪ | વિનોદભાઈ ભુદરભાઈ (બુંદીના લાડુ) | જરવલા |
| બી.ભાદરવા વદ-૧ | વાલજી ગાંગજી હાલાઈ (મગસ) | કુંદનપુર-કચ્છ |
| બી.ભાદરવા વદ-૨ | જોઈતાભાઈ જેસંગદાસ (ચુરમાના લાડુ) | સોજા |
| બી.ભાદરવા વદ-૨ | જાદવભાઈ ઝવેરભાઈ પટેલ (મોહનથાળ) | સુરત |
| બી.ભાદરવા વદ-૩ | વાસુદેવભાઈ ગજ્જર (દુધપાક પુરી) (હ. બ્ર. રાજુ સ્વામી) | અમદાવાદ |
| બી.ભાદરવા વદ-૫ | પટેલ કૌશિકભાઈ કચરાભાઈ સોંકાભાઈ (ચુરમાના લાડુ) | અરોડા-ઈડર |
| બી.ભાદરવા વદ-૭ | રમેશભાઈ અંબાલાલ પટેલ (મગસ) | વહેલાલ |
| બી.ભાદરવા વદ-૭ | અ.નિ. ગોલોકવિહારીદાસજી સ્વામી (સાટા-જલેબી) (હ. અક્ષરવિહારીદાસજી, બ્ર. રાજુ સ્વામી) | વેજલપુર |
| બી.ભાદરવા વદ-૭ | આત્મારામ ભોળીદાસ પટેલ (મગસ) | વડુ |
| બી.ભાદરવા વદ-૭ | પટેલ દશરથભાઈ અંબાલાલ (મગસ) | મોટેરા |
| બી.ભાદરવા વદ-૭ | પટેલ રમેશભાઈ અંબાલાલ (દુધપાક-પુરી) | સાબરમતી |
| બી.ભાદરવા વદ-૭ | અજેન્દ્રકુમાર વાસુદેવભાઈ (ચુરમાના લાડુ) | હિરપુરા |
| બી.ભાદરવા વદ-૮ | નટવરલાલ મોહનલાલ મીસ્ત્રી (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| બી.ભાદરવા વદ-૮ | અ.નિ. જશભાઈ હરિભાઈ પટેલ (ઠા. મગસ) (હ. બાબુ ભગત) | ગાંધીનગર |
| બી.ભાદરવા વદ-૯ | વિષ્ણુભાઈ ગોરધનભાઈ પટેલ (મગસ) | અમદાવાદ |
| બી.ભાદરવા વદ-૯ | તારાબેન દેવશી હાલાઈ (ચુરમાના લાડુ) (હ. ભક્તિ સ્વામી, દેવશી વેલજી શામજી) | સુરજપુર-કચ્છ |
| બી.ભાદરવા વદ-૧૦ | નીતિનભાઈ સોની (મોહનથાળ) | બાપુનગર |
| બી.ભાદરવા વદ-૧૨ | પટેલ લાલજીભાઈ ગણેશભાઈ (ચુરમાના લાડુ) | ભાઉપુરા |
| બી.ભાદરવા વદ-૧૨ | પટેલ હંસરાજભાઈ હરજીભાઈ (ચુરમાના લાડુ) (હ. ડાહ્યાભાઈ) | નડિયાદ |
| બી.ભાદરવા વદ-૧૩ | સોની મરઘાબેન નાનંદભાઈ (દુધપાક પુરી) | અમદાવાદ |
| બી.ભાદરવા વદ-૧૩ | અ.નિ. ચંદુભાઈ ઓધવજીભાઈ સોની (દુધપાક પુરી) (હ. પ્રશાંતભાઈ) | |
| બી.ભાદરવા વદ-૧૩ | અ.નિ. શાંતિભાઈ મગનભાઈ પટેલ તથા હંસાબેન શાંતિભાઈ (દુધપાક પુરી) (હ. બ્ર. રાજુ સ્વામી) | |
| બી.ભાદરવા વદ-૧૩ | આરતીબેન કિરીટભાઈ ડાહ્યાભાઈ (મગસ) | સાબરમતી |
| બી.ભાદરવા વદ-૧૪ | અ.નિ. દિનેશભાઈ બહેચરભાઈ પટેલ (બુંદીના લાડુ) (હ. બ્ર. રાજુ સ્વામી) | સાયરા |
| બી.ભાદરવા વદ-૧૪ | કિરીટભાઈ ચુનીલાલ ગુસાણી (મોહનથાળ - જલેબી) | અમદાવાદ |
| બી.ભાદરવા વદ-૧૪ | અ.નિ. વિનોદાબેન મહેતા (ચુરમાના લાડુ) (હ. હરેન્દ્રભાઈ જે. મહેતા) | અમદાવાદ |
| બી.ભાદરવા વદ-૧૪ | અ.નિ. લાલજીભાઈ ભગવાનદાસ પટેલ (દુધપાક પુરી) (હ. ધીરૂભાઈ) | કડી |
| બી.ભાદરવા વદ-૧૪ | પ્રકાશભાઈ પુરૂષોત્તમભાઈ પટેલ (બુંદીના લાડુ) (હ. દેવ સ્વામી) | અમદાવાદ |
| બી.ભાદરવા વદ-૩૦ | અ.નિ. હરિભાઈ માધવજીભાઈ કાબરીયા (ચુરમાના લાડુ) (હ. વાલજીભાઈ) | અમરેલી |
| બી.ભાદરવા વદ-૩૦ | ઘનશ્યામભાઈ નારણદાસ પટેલ (સાટા) (હ. જયંતીભાઈ) | રાજપુર |
| બી.ભાદરવા વદ-૩૦ | દિનેશભાઈ હેમુભાઈ પટેલ (મોહનથાળ) (હ. ધવલભાઈ) | અમદાવાદ |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

**૬૬૬/- મૂળજીભાઈ કાચા ટેલર લેસ્ટર (યુ.કે.)**
૧૦૧/-અ.નિ. માવજી હિરજી પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વિલેપાર્લે
૧૦૧/-અ.નિ. બચુલાલ માવજી પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વિલેપાર્લે
૧૦૧/-અ.નિ. માધવજી માવજી પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વિલેપાર્લે
૧૦૧/-ગં.સ્વ. મુક્તાબેન બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વિલેપાર્લે
૧૦૧/-જગદીશ બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વિલેપાર્લે
૧૦૧/-ચૌહાણ સંદિપ અરવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બારડોલી
૧૦૧/-અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે દહેગામ
૨૦૧/-પટેલ મિનેષભાઈ નારણભાઈ ચિ. વંશના જન્મ દિને ડાંગરવા
૧૦૧/-સુખડીયા નિશિત યોગેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વિરાટનગર
૧૦૧/-શેઠ ભીખાલાલ પૂનમચંદભાઈ ચિ. તેજેશકુમારના પ્રમોશન નિમિત્તે હિંમતનગર
૧૦૧/-ઝાલા ધર્મેન્દ્રસિંહ બળવંતસિંહ ચારધામ યાત્રા પ્રસંગે અમદાવાદ
૨૦૨/-પટેલ કિંજલબેન અશોકભાઈ પી.એચ.ડી.માં એડમીશન નિમિત્તે ગુલાબપુરા
૧૦૨/-ચોટલીયા પ્રવિણભાઈ શામજીભાઈ ચારધામ યાત્રા નિમિત્તે સુરત
૧૦૦/-પટેલ કનૈયાલાલ જોઈતારામભાઈ બાઈક લાવ્યા તે નિમિત્તે ઝુલાસણ
૧૦૧/-વાઘેલા શિવસિંહ વેલુભા શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૦/-ટાંક આકાંક્ષા મહેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૧/-રમલાવત હેતવી કુંવરબા અનિરૂદ્ધસિંહ જન્મ દિને નાના કોટડા
૧૦૧/-રમલાવત અનિરૂદ્ધસિંહ ખુમાનસિંહ જન્મ દિને નાના કોટડા
૧૦૧/-પટેલ મહેશભાઈ અંબાલાલ નવી ગાડી નિમિત્તે ઝુલાસણ
૧૦૧/-પટેલ ઘનશ્યામભાઈ બેચરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મોટા ચિલોડા
૧૦૧/-ચાવડા પ્રતાપભાઈ જગમાલભાઈ પગાર વધ્યો તે નિમિત્તે બળોલ-ભાલ
૧૦૧/-પટેલ પંકિલકુમાર પ્રભુદાસ પુત્ર જન્મ પ્રસંગે આકોદરા
૧૦૧/-પટેલ સવિતાબેન મનસુખભાઈ શ્રીજી પ્રસન્નાર્થે હઠીપુરા
૧૦૧/-પરમાર ગટોરભાઈ ઠાકરસીભાઈ બદ્રિનારાયણ યાત્રા નિમિત્તે બળોલ-ભાલ
૧૦૧/-ટાંક અંકિત બિપીન નવા વર્ષ નિમિત્તે મુંબઈ
૧૦૧/-ટાંક નિમેષ બિપીન નવા વર્ષ નિમિત્તે મુંબઈ
૧૦૦/-પટેલ જસુભાઈ શામળભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધમાસણા
૨૦૦/-પટેલ ત્રિભોવનદાસ કેશવલાલ શ્રીજી પ્રસન્નાર્થે રાણીપ
૧૦૧/-પટેલ બિરલભાઈ ચિનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ટ્રેન્ટ
૧૦૧/-પટેલ હર્ષિલકુમાર ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/-પટેલ કિરણકુમાર કાનજીભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે ખેરોલ
૧૦૦/-વાઘેલા આનંદબા ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/-પટેલ જીતેન્દ્રભાઈ ભોળાભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે વિહાર
૧૦૧/-ટાંક અજય મનસુખભાઈ એમ.ટેક માં પાસ થયા તે નિમિત્તે મુંબઈ
૧૦૧/-ચૌહાણ મનસુખભાઈ નાનજીભાઈ એકટીવા નિમિત્તે જામસર
૧૦૧/-અ.નિ. પટેલ બેચરભાઈ પ્રભુદાસના સ્મરણાર્થે ચાણસ્મા
૧૦૧/-પટેલ મનોરમાબેન પિયુષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૧/-પટેલ વિષ્ણુભાઈ કેશવલાલ ધાર્મિક પ્રસંગ નિમિત્તે વહેલાલ
૧૦૧/-પટેલ નંદુબેન કાલીદાસ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૦/-પટેલ નિલેશભાઈ મનુભાઈ પુત્રીના જન્મ પ્રસંગે કનીપુર
૧૦૦/-પટેલ ચંચળબેન હરગોવનદાસના સ્મરણાર્થે તા. ૧૬-૧૦-૧૨ માણસા
૧૦૦/-પોપટ ચુનીલાલ ઓધવજી શ્રીજી પ્રસન્નાર્થે કેશોદ
૨૦૨/-પ્રજાપતી બટુકભાઈ માવજીભાઈ બાવળા મંદિર પાટોત્સવ નિમિત્તે
૨૦૨/-કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૧/-પટેલ હેન્સી પરેશકુમાર પ્રથમ જન્મ દિને વડુ
૧૦૧/-ઉપાધ્યાય કુમુદભાઈ ચિ. કર્મની બાબરી નિમિત્તે અમદાવાદ
૧૦૧/-અ.નિ. જાની હરિકૃષ્ણ કનૈયાલાલના સ્મરણાર્થે તા. ૪-૧૧-૧૨ વરસોડા
૧૦૦/-વાઘેલા હિતેષકુમાર હેમરાજભાઈ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દર્શન નિમિત્તે જામસર
૨૦૦/-પટેલ બિપીનકુમાર નટવરલાલ તેમના પિતાશ્રીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ડાંગરવા
૧૦૦/-પટેલ બિપીનકુમાર નટવરલાલ ચિ. હાર્દિકના જન્મ દિને ડાંગરવા
૫૦૧/-અ.નિ. પટેલ બિપીનભાઈ નારણભાઈ ૮ મી પુણ્ય તિથિ નિમિત્તે (હ. રિંકેશ, રિધ્ધિ) ઉનાવા
૫૦૦/-પટેલ મથુરભાઈ ગોકળદાસ નવી દુકાન લીધી તે નિમિત્તે ગવાડા
૧૦૧/-ભાવસાર મહેન્દ્રભાઈ શંકરલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/-મોદી શ્રેયાંસ દિલીપકુમાર ચિ. માધુરીબેનના લગ્ન નિમિત્તે પ્રાંતીજ
૧૦૦/-પટેલ પરસોતમભાઈ મોહનભાઈ બાપુનગરમાં નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે મોખાસણવાળા
૫૦૧/-પટેલ મહેન્દ્રભાઈ કેશવલાલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે મોટેરા
૧૦૧/-પટેલ વેદાંત પ્રવિણભાઈ જન્મ દિને મોટેરા
૧૦૦/-શેલડીયા હિંમતભાઈ નાનજીભાઈ ચિ. પિયુષ તથા રિન્કુના લગ્ન પ્રસંગે બાપુનગર
૧૦૦/-શેલડીયા વિપુલભાઈ હિંમતભાઈ ચિ. મનસ્વીના જન્મ દિને બાપુનગર
૨૦૦/-પટેલ રમેશભાઈ કચરાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સોજાવાળા
૧૦૧/-રાઠોડ મહેશભાઈ માવજીભાઈ ગાડી લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૫૦૦/-જાની હિનાબેન હિતેષકુમાર શ્રીજી પ્રસન્નાર્થે લંડન
૨૫૧/-કોઠારી રમેશભાઈ વી. સાયન્સ સીટીમાં ગૃહ પ્રવેશ નિમિત્તે
૨૫૧/-કોઠારી નિષિત અને કોઠારી નિધી ઓસ્ટ્રેલીયાથીસ્વદેશ યાત્રા નિમિત્તે
૧૦૧/-પટેલ હિતેન્દ્રકુમાર ભીખાભાઈ પુત્ર એન્જીનીયર થયો તે નિમિત્તે વિહાર
૧૧૧/-અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૧/-સાપરીયા મયુરકુમાર બંસીભાઈ પ્રથમ પગાર નિમિત્તે ધૂળકોટ
૨૦૦/-ભાવસાર મહેશકુમાર ચુનીલાલ ચિ. લીપીના લગ્ન પ્રસંગે વિસનગર
૨૦૧/-પટેલ શૈલેષભાઈ ચિનુભાઈ ચિ. રચિતાના લગ્ન પ્રસંગે અમદાવાદ
૧૦૦/-પટેલ ચિંતન અનિલભાઈ એમ.બી.બી.એસ.માં એડમીશન નિમિત્તે સાયરા
૧૦૦/-પટેલ ચંદ્રેશ જસુભાઈ પ.પૂ. મહારાજશ્રીના ૪૦ મા પ્રાકટ્યોત્સવ નિમિત્તે આકરૂંદ
૧૦૦/-પટેલ સંજય અમરતભાઈ નવું બજાજ ડિસ્કવર લીધું તે નિમિત્તે આકરૂંદ
૧૦૦/-ડૉ. નિરવ નવિનભાઈ પટેલ જન્મ દિને આકરૂંદ
૨૦૦/-ચાવડા પી.જે. નૂતન વર્ષ નિમિત્તે શ્રીજી પ્રસન્નાર્થે રામપરા

૧૦૧/- મોદી હસમુખભાઈ પ્રહલાદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ભાવસાર સૂર્યાબેન હિંમતલાલ એકટીવા લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ અમૃતભાઈ બબલદાસ ચિ. ભારતીના જન્મ દિને વડુ
૧૦૧/- ચિ. ભાણી ભૂપિને અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે વડુ
૧૦૨/- બારભાયા ધવલ લલીતરાય ચિ. ઈશાનના જન્મ દિને સિંગાપોર
૧૦૧/- સોની હસમુખલાલ વ્રજલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૨૦૧/- પટેલ સચિનભાઈ વસંતભાઈ ઉંઝાવાળા
એડીલેડમાં નવી દુકાન લીધી તે નિમિત્તે
૧૦૦/- પટેલ ક્રિનલકુમાર વસંતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વહેલાલ
૧૦૦/- પટેલ ચિંતનકુમાર વસંતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વહેલાલ
૧૦૦/- પટેલ પંકજભાઈ ગાંડાભાઈ અમદાવાદ
ચિ. જીગર બી.ઈ. મિકેનિકલમાં પાસ થયો તે નિમિત્તે
૧૦૧/- ચાવડા ખોડુભાઈ બી. છપૈયા-અયોધ્યા યાત્રા નિમિત્તે બળોલ-ભાલ
૧૦૧/- ચાવડા ખોડુભાઈ બી. તેમના બળોલ-ભાલ
ભાઈ-ભાભી બેંગકોક ગયા તે નિમિત્તે
૧૦૧/- દરજી સુરેશકુમાર ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૨૦૦/- પટેલ ભરતભાઈ ઈશ્વરભાઈ પૌત્રના જન્મ પ્રસંગે નરોડા
૧૦૦/- દરજી મનોજ અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- સોની ઈન્દ્રવદનભાઈ પોપટલાલ શ્રીજી પ્રસન્નાર્થે સાણંદ
૧૦૧/- ડૉ. કિરણકુમાર રતિલાલ ઠક્કર રાણીપ
ચિ. ડૉ. જયના વેવિશાળ નિમિત્તે
૧૦૦/- ઠક્કર પ્રદિપભાઈ રતિલાલ રાણીપ
ચિ. ચિરાયુના એમ.બી.બી.એસ.માં એડમીશન નિમિત્તે
૧૦૧/- મીસ્ત્રી રૂદ્ર ચેતનકુમાર શ્રીજી પ્રસન્નાર્થે બાકરપુર
૧૦૧/- મેવાડા તેજસ સતીષભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લિંબોદરા
૧૦૦/- પટેલ રિન્કુબેન ગીરીશભાઈ ચિ. નિયતીના જન્મ દિને મારૂસણા
૧૦૦/- પટેલ હાર્દિક જગદીશભાઈ નવા વર્ષ નિમિત્તે બાયડ
૧૦૦/- પટેલ કેતનકુમાર શંકરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સીકા
૧૦૦/- શ્રીજી કોર્પોરેશન શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- શ્રીજી ટ્રેડીંગ કંું. હ. કૌમિલ, સુહાની શ્રીજી પ્રસન્નાર્થે સેટેલાઈટ
૧૦૦/- પટેલ મથુરભાઈ મણીલાલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ કૌશિકભાઈ નાગજીભાઈ સગાઈ નિમિત્તે બાપુનગર
૧૦૧/- પટેલ મુક્તાબેન નાગજીભાઈ સ્વાસ્થ્ય સારું થયું તે નિમિત્તે બાપુનગર
૧૧૧/- ભાગવતાચાર્યશ્રી યોગેન્દ્ર ભટ્ટના પીજવાળા
પુત્રને મેડીકલમાં પ્રમોશન નિમિત્તે
૧૦૦/- પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી
હળવદમાં ૩૬૦ દિવસની અખંડ ધૂન નિમિત્તે

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી એવમ્ સમસ્ત ધર્મકુળની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ બાલવામાં રજત જયંતી વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે આપણા શ્રીસ્વામિનારાયણ માસિકના ૩૫ જેટલા આજીવન સભ્યો થયા છે. જેમાં ચૌધરી દશરથભાઈ અમૃતભાઈ અને ચૌધરી રમણભાઈ કાબાભાઈએ સૌજન્ય સેવા આપીને ઉમદા સેવા કરી છે.

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અમદાવાદ** : પ.ભ. ઓધવજીભાઈ જાદવજીભાઈ (મેડાવાળા)ના ધર્મપત્ની કમળાબેન ઓધવજીભાઈ પટેલ તા. ૨૮-૧૦-૨૦૧૨ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ધોળકા** : શ્રી નરનારાયણદેવના અનન્ય નિષ્ઠાવાન પ.ભ. નટુભાઈ જગજીવનદાસ સોની તા. ૩-૧૧-૨૦૧૨ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બળોલ-ભાલ** : પ.ભ. દેવાભાઈ (ભુરૂભા) ઓઘડભા ચાવડાના ધર્મપત્ની રંભાબેન તા. ૧૦-૧૧-૨૦૧૨ને શનિવારના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બાવળા** : દિપકકુમાર નટવરલાલ પ્રજાપતિ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ-મેઘાણીનગર** : બાળસભાના સંચાલક પ.ભ. દયાળજીભાઈ જેઠાભાઈના ધર્મપત્ની કડવીબેન તા. ૨૨-૧૦-૨૦૧૨ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**મૂળી** : શ્રી રાધાકૃષ્ણદેવની ૫૦ વર્ષથી ખેતીકામમાં સેવા કરતા પ.ભ. પરમાર જીલુભા નારાયણ સંગજી તા. ૩૧-૧૦-૨૦૧૨ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ચાંદખેડા** : પ.ભ. કાંતિભાઈ સોમાભાઈ ચૌહાણ તા. ૫-૮-૨૦૧૨ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**પલાણા (જી. ગાંધીનગર)** : પ.ભ. હરેશભાઈના પિતાશ્રી પ.ભ. જસભાઈ હરિભાઈ પટેલ (ઉ. ૮૨ વર્ષ) તા. ૨૬-૯-૧૨ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**લુણાવાડા** : શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારી પ.ભ. કંચનલાલ મણીલાલ કાછીયા તા. ૧૫-૧૧-૧૨ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક** : મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

# વિદેશના વિવિધ મંદિરોમાં દિવાળી અન્નકૂટ તથા અન્ય ઉત્સવના દર્શન



નૈરોબી


કલિવલેન્ડ



ડેટ્રોઈટ


કલિવલેન્ડ તુલસી વિવાહ


શિકાગો


લેસ્ટર


કોલોનિયા


વિલ્સ્ડન લેન

Registered under RNI-GUJGUJ/2007/20221 "Permitted to post at Ahd PSO on 11 the every month under posta
REG. NO. GAMC.- 003/12-14 issued ssp Ahd Valid up to 31-12-2014 Licenced to Post without pre payment
No.CPMG/GJ/01/2012 valid up to 30-06--2014





વિશ્વના સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં

# સુવર્ણ સિંહાસન જીર્ણોદ્ધાર